Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:7, Issue: 224 Dt.01-07-2022 (Friday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001









## અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની શાહી સવારી, અભૂતપૂર્વ રથયાત્રા

### વહેલી સવારે અમિત શાહ એ મંગળા આરતી કરીઃ પરંપરા મુજબ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે પહિંદવિધિ

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧

બે વર્ષનાં કોરોના મહાકાળમાં બ્રેક આવ્યા બાદ આ વર્ષે આજે અષાઢી બીજનાં પવિત્ર દિવસે અમદાવાદ અને ગુજરાતભરનાં ભાવિકોનાં પ્રિય ઉત્સવ સમાન ભગવાન જગન્નાથજીની અભૂતપૂર્વ, ભવ્ય રથયાત્રા નીકળી હતી. સવારે ૭ વાગ્યાથી અમદાવાદમાં જગન્નાથજી મંદિરેથી રથયાત્રાનો પ્રારંભ થયો હતો અને આ લખાય છે. ત્યારે ભાવિકોની પ્રચંડ અને અભૂતપૂર્વ હાજરી વચ્ચે રથયાત્રા રૂટ પર આગળ વધી રહી છે. રથયાત્રામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો છે. મોસાળ સરસપુર પહોંચનારી જગન્નાથજીની રથયાત્રાનાં ભાવપૂર્ણ અને અદકેરા સ્વાગત માટે મોસાળમાં ભાવિકો તલપાપડ બન્યા છે. રથયાત્રા માટે લોખંડી અને અસાધારણ સુરક્ષા કિલ્લેબંધી રચવામાં આવી છે. રથયાત્રા પર હેલીકોપ્ટરમાંથી ઠેરઠેર પુષ્પવર્ષા કરવામાં આવી રહી છે.

આજે સવારે ૬:૪૦ કલાકે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જમાલપુર ખાતે ભગવાન જગન્નાથ મંદિરે પહોંચી ગયા હતા. સવારે ૬:૫૦ કલાકે ગૃહમંત્રીએ મંગળા આરતી કરી હતી. એ પછી સવારે ૬:૫૦ કલાકે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અમદાવાદની ૧૪૫ મી રથયાત્રાનાં પ્રસ્થાન માટે મંદિરે પહોંચી ગયા હતા. એમણે પરંપરા જાળવી રાખી સોનાના સાવરણાથી ત્રણેય રથની સફાઈ કરી હતી. એક રથમાં ભગવાન જગન્નાથજી, બીજા રથમાં ભાઈ બલભદ્ર અને ત્રીજા રથમાં બહેન સુભદ્રાને પ્રસ્થાપિત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીએ સાવરણાથી સફાઈ કર્યા બાદ સવારે ૭ કલાકે મંદિરેથી રથયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી તરીકે ભુપેન્દ્ર પટેલે પહેલી વખત પહિંદવિધિ કરાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું

(અનુ.પાના નં.૪ ઉપર)

### આજથી એલપીજી ગેસ સિલીન્ડરના ભાવમાં નોંધપાત્ર ઘટાડો

## દિલ્હીમાં એલપીજી સિલીન્ડરના ભાવમાં રૂ.૧૯૮ ઘટાડો



### દિલ્હી, કોલકતા, અમદાવાદ સહિતનાં શહેરોમાં આજથી ભાવમાં ઘટાડો

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧

૧લી જુલાઈ શુક્રવાર એટલે કે આજથી એલપીજી કુકિંગ ગેસ સિલીન્ડરનાં ભાવમાં ઘટાડો કરવામાં આવતા લાખો પરિવારોએ થોડો રાહતનો શ્વાસ લીધો છે. ઇન્ડેન ગેસ સિલીન્ડરનાં ભાવમાં આજથી રૂ.૧૯૮ ઘટાડી દેવામાં આવ્યા છે. દિલ્હીમાં આ ભાવ ઘટાડો થયો છે જયારે કોલકતામાં સિલીન્ડર દીઠ રૂ.૧૮૨, મુંબઈમાં રૂ.૧૯૦.૫૦ અને ચેન્નાઈમાં રૂ.૧૮૭નો ઘટાડો કરી દેવામાં આવ્યો છે. કોમર્શીયલ સિલીન્ડરનાં ભાવમાં આઈઓસીએ ઘટાડો જાહેર કર્યો છે.

છેલ્લા કેટલાય સમયથી ઘરેલું એલપીજી સિલીન્ડરનાં વપરાશકારો ઉંચી ભાવસપાટીનો ડામ સહન કરી રહ્યા હતા. હવે ૧૪.૨ કિગ્રાનાં ઘરેલું ગેસ સિલીન્ડરનાં ભાવમાં અત્યારે કોઈ ફેરફાર કરાયો નથી. જો કે ભાવમાં વધારો પણ કરાયો નથી. ગયા મહીને જૂન માસમાં કોમર્શીયલ સિલીન્ડરનાં ભાવમાં રૂ.૧૩૫ નો ઘટાડો કરાયો હતો. મે મહિનામાં તો ઘરેલું ગેસ સિલીન્ડરમાં ભાવમાં બબ્બે

(અનુ.પાના નં.૪ ઉપર)

## મુંબઈમાં જમાવટ કરતા મેઘરાજા, ૩૬ કલાકમાં ૧૦ ઈંચ

### રેલવે અને વિમાની સેવાને પણ અસરઃ મુંબઈમાં ઓરેન્જ એલર્ટ જાહેર

(એજન્સી સમાચાર)

મુંબઈ, તા.૧

ચોમાસું બેસી ગયાનાં એક પખવાડિયા બાદ મુંબઈમાં હવે મેઘરાજાએ જમાવટ કરી દીધી છે. જોરદાર અને મુશળધાર વરસાદ પડી રહ્યો છે અને છેલ્લા ૩૬ કલાકમાં જ ૧૦ ઈંચથી વધુ પાણી પડી જતા રાબેતામુજબ મુંબઈમાં જળબંબાકાર સર્જાયો છે અને જનજીવનને વ્યાપક અસર થઇ છે. અનેક પરા વિસ્તારો ટાપુ જેવા બની જતા અને અન્ડરપાસ છલકાઈ ગયા ટ્રાફિક ખોરવાઈ ગયો છે. મુંબઈમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રેલવે અને વિમાની સેવાઓનાં શેડ્યુલ્ડ પણ ખોરવાયા છે.

હવામાન કચેરીનાં સૂત્રોએ જણાવ્યા મુજબ મહાનગરનાં કોલાબા ક્ષેત્રમાં ૯ ઈંચ અને સાંતાક્રુઝ વિસ્તારમાં ૭ ઈંચ વરસાદ ખાબક્યો છે. જેના કારણે અનેક પરા વિસ્તારોમાં ગોઠણડૂબ પાણી ભરાયા છે. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈ–વે, ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઈ–વે અને લીંક રોડ સહિતનાં માર્ગો પર ટ્રાફિકજામ થઇ ગયો છે. સાંતાક્રુઝમાં એક બસ પાણીમાં ફસાઈ ગઈ છે. અંધેરી સબ–વે, મલાડ સબ–વે, મિલન સબ–વે તથા હિંદમાતા અન્ડરપાસમાં પાણી ભરાઈ જતા વાહન વ્યવહાર અટકાવી દેવાયો છે.

ડીસીપી વિનાયક ઢાંક અને નીતિન પવારે જણાવ્યું હતું કે, માહિમ,



મલાડ, માટુંગા, જોગેશ્વરી, સાયન, વડાલા વગેરે વિસ્તારોમાં જળબંબાકારથી ટ્રાફિક ઠપ્પ થઇ ગયો છે. દહીસરમાં ભારે વરસાદથી ખાડા પડી જતા કેટલાક કિમી સુધી વાહનોનાં થપ્પા લાગી ગયા છે.(૨.૧૨)

## સોનું મોંઘુઃ ઈમ્પોર્ટ ડયુટી ૫ ટકા વધી

### ઈમ્પોર્ટ ડયુટી ૭.૫ ટકા હતી જે હવે વધીને ૧૨.૫ ટકા થઈ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧

સોનું ખરીદવું હવે તમારા માટે મોંઘુ થઈ જશે. હકીકતમાં, સરકારે આજથી સોના પરની આયાત ડ્યૂટીમાં ૫ ટકાનો વધારો કર્યો છે. એટલે કે હવે સોનાની આયાત પહેલા કરતા ૫ ટકા મોંઘી થશે. બુલિયન એક્સપર્ટ્સનું માનવું છે કે આના કારણે ફિઝિકલ માર્કેટમાં સોનાની પ્રતિ ૧૦ ગ્રામ કિંમત ઓછામાં ઓછી ૧૦૦૦ રૂપિયાની આસપાસ વધી શકે છે. અત્યાર સુધી સોના પર આયાત ડ્યૂટી ૭.૫ ટકા હતી, જે હવે વધીને ૧૨.૫ ટકા થઈ જશે. ગત વર્ષે સરકારે બજેટમાં ઈમ્પોર્ટ ડ્યૂટીમાં ઘટાડો કર્યો હતો. અગાઉ સોના અને ચાંદી પર ૧૨.૫ ટકાની આયાત જકાત હતી, જે બજેટ ૨૦૨૧માં ઘટાડીને ૭.૫ ટકા કરવામાં આવી હતી.

IIFL VP-સંશોધન અનુજ ગુપ્તા કહે છે કે દેશમાં સોનાની માંગ મજબૂત છે. બીજી તરફ સરકારની રાજકોષીય ખાધ પણ

(અનુ.પાના નં.૪ ઉપર)

## આજથી દેશમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ

### સિંગલ યુઝ પ્લાસ્ટિકમાંથી બનેલી કુલ ૧૯ વસ્તુઓ પર પ્રતિબંધઃ નિયમોનું પાલન ન કરવા બદલ દંડ અને જેલની જોગવાઈ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી તા.૧

આજથી દેશભરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ અંતર્ગત પ્લાસ્ટિકની બનેલી ઘણી વસ્તુઓ બંધ થઈ જશે. તેમાં રોજિંદા જીવનમાં વપરાતી ઘણી વસ્તુઓનો પણ સમાવેશ થાય છે, જે હવે જોવા નહીં મળે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયે તે સામાનની યાદી જાહેર કરી છે, જેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સિંગલ યુઝ પ્લાસ્ટિક એટલે પ્લાસ્ટિકની બનેલી એવી વસ્તુઓ, જેનો આપણે ફક્ત એક જ વાર ઉપયોગ કરી શકીએ છીએ અથવા તેને ફેંકી શકીએ છીએ અને જે પર્યાવરણને નુકસાન પહોંચાડે છે. મંત્રાલય દ્વારા સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે જો કોઈ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા જોવા મળશે તો તેને સજા કરવામાં આવશે. જેમાં જેલ અને દંડ બંનેનો સમાવેશ થાય છે. કહેવામાં આવ્યું છે કે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ (EPA)ની કલમ ૧૫ હેઠળ સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ પર કાર્યવાહી કરવામાં આવશે.

રાજય સરકારો સિંગલ યુઝ પ્લાસ્ટિક (SUP) બને છે, આયાત કરે છે, સંગ્રહ કરે છે, વેચે છે કે ગેરકાયદેસર રીતે ક્યાંય ઉપયોગ કરે છે કે કેમ તેના પર કડક નજર રાખશે. હાલમાં એફએમસીજી સેક્ટરને આ પ્રતિબંધમાંથી મુક્તિ

(અનુ.પાના નં.૪ ઉપર)

## આણંદ જિલ્લામાં મેઘરાજાનું રૌદ્રરૂપઃ ૧૧ પશુના મોત, બોરસદમાં ૪ કલાકમાં ૧૧ ઈંચ



### બોરસદમાં ૧૧ ઈંચ, આંકલાવમાં ૩ ઈંચ, આણંદમાં સવા, ખંભાતમાં એક, તારાપુરમાં પોણા બે, સોજીત્રામાં અઢી ઈંચ, પેટલાદમાં પોણા બે ઈંચ વરસાદ ખાબક્યો

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧

આણંદ જિલ્લામાં ગુરૂવારે આભ ફાટ્યું હોય એવી રીતે સમગ્ર જિલ્લામાં મેઘરાજાએ જોરદાર પધરામણી કરી હતી અને ગાજવીજ તથા તોફાની પવન સાથે ત્રણથી માંડી ૧૧ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. પરિણામે ચારેતરફ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. બોરસદમાં તો સૌથી વધારે તોફાની પવન અને ગાજવીજ સાથે માત્ર ૪ કલાકમાં ૧૧ ઈંચ વરસાદ ખાબકતા રસ્તાઓ નદી બની ગયા હતા અને નીચાણવાળા વિસ્તારો ટાપુ બની ગયા હતા. પ્રચંડ વરસાદનાં પાણીમાં તણાઈને ૧૧ પશુનાં મોત થયાનું નોંધાયું હતું. આખું બોરસદ પાણી- પાણી થઇ ગયું હતું.

આણંદ જિલ્લામાં ગઈકાલે સવારથી વરસાદ ચાલુ રહ્યો છે. આખા જિલ્લામાં વરસાદ પડ્યાનાં વાવડ છે. સૌથી વધારે તારાજી બોરસદમાં સર્જાઈ ગઈ છે. આખો દિવસ ધોધમાર વરસાદ ચાલુ રહ્યો હતો. સાર્વત્રિક વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા મનપાની ટીમોએ આખી રાત લોકોને સલામતી સ્થળે ખસેડવાની કામગીરી ચાલુ રાખી હતી. બોરસદ નગરપાલિકાનાં પ્રમુખ આરતીબેન પટેલનાં માર્ગદર્શન હેઠળ મનપાની ટીમોએ ઠેરઠેર મશીનરી લગાડી પાણીનાં નિકાલની જોરદાર કામગીરી કરી હતી. માર્ગો પરના દબાણોને કારણે ઠેરઠેર પાણી ભરાઈ ગયા હતા. આખા જિલ્લામાં મેઘમહેર થઇ છે. બોરસદમાં આજે પણ પાણી ઉતર્યા ન હોવાથી વાહન વ્યવહાર ઠપ્પ થઇ ગયો હતો અને લોકોને અવર-જવર કરવાનું પણ મુશ્કેલ બની ગયું હતું. ૧૧ પશુનાં મોત થયાનું નોંધાયું હતું.

આણંદ જિલ્લામાં

(અનુ.પાના નં.૪ ઉપર)

### રેલવે દ્વારા ટ્રેનની મુસાફરીમાં પીરસાતા ભોજન અને ઠંડાપીણાના ભાવમાં વધારો

## દિલ્હી-ભોપાલ શતાબ્દી ટ્રેનમાં ચાનાં એક કપનો ભાવ રૂ.૭૦...!!

### એક ચાનું બિલ રૂ.૭૦ જોઈને એક મુસાફર સ્તબ્ધ બન્યો

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧

ભારતીય રેલવે દ્વારા ટ્રેનોને ઝડપી અને આધુનિક બનાવવામાં આવી રહી છે અને બે શહેરો વચ્ચેનું મુસાફરીનું અંતર અને સમય ઝડપથી ઘટતા જાય છે. એ બધી સુવિધાઓ અને સવલતોને બાદ કરીએ તો ટ્રેનમાં મુસાફરી કરતા ઉતારૂઓને રેલવેની કેન્ટીન દ્વારા કેવા ખંખેરવામાં આવી રહ્યા છે. તેનું ચોંકાવનારૂ ઉદાહરણ બહાર આવ્યું છે. તાજેતરમાં દિલ્હી-ભોપાલ શતાબ્દી એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક ઉતારૂએ એક કપ ચા મંગાવી હતી અને તેનું બિલ જોઇને તેના હોશખોશ ઉડી ગયા હતા. એક કપ ચાનું બિલ હતું પુરા રૂ.૭૦..!! છળી પડેલા મુસાફર પાસે બિલ ચૂકવવા સિવાય કોઈ ઉપાય ન હતો.

પેસેન્જરે સોશિયલ મીડિયા પર બિલની તસ્વીર મૂકી પોતાની વિતકકથા વર્ણવી હતી. રેલવે ટ્રેનોમાં આઈઆરસીટીસી દ્વારા ભોજન અને ઠંડાપીણા પીરસવામાં આવે છે પણ તેનું બિલ ચામડા ફાડી નાખે તેવું હોય છે. ભોજનની ગુણવત્તા અંગે પણ અનેક ઉતારૂઓ ગંભીર ફરિયાદ કરતા રહે છે. શતાબ્દીમાં બેઠેલા ઉતારૂએ ટ્વીટર પર લખ્યું હતું કે, ચાનાં એક કપનો મૂળ ભાવ રૂ.૨૦ છે તેના પર રૂ.૫૦ તો જીએસટી ઝીંકવામાં આવ્યો છે જેના કારણે એક કપ ચા રૂ.૭૦ માં પડે છે. રેલવે દ્વારા આ ઉઘાડી લૂંટ નથી તો શું છે.

આ ઉતારૂ જેવા અનેક ઉતારૂઓ ચીજ-વસ્તુઓનાં અને ભોજનની થાળીનાં અસહ્ય

(અનુ.પાના નં.૪ ઉપર)



## રાજકોટમાં બપોર પછી ધોધમાર વરસાદ

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

---

સૌરાષ્ટ્ર ક્રાંતી

# WhatsApp કરો

## તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે

તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

---

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




## આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

**SUBSCRIBE**
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

---

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવ:ડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

## જાહેરાત માટે સંપર્ક કરો:

**90333 44426**




---

**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**

## તંત્રી સ્થાનેથી...

### MSME સેક્ટરનું સશક્ત હોવું ખુબ જરૂરી...

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આઝાદીના અમૃત મહોત્સવ હેઠળ ઉદ્યમી ભારત કાર્યક્રમમાં ભાગ લીધો.

આ અવસરે કેન્દ્રીય મંત્રી નારાયણ રાણે અને ભાનુપ્રતાપ સિંહ વર્મા પણ હાજર રહ્યા. તેમણે પરાઈઝિંગ એન્ડ એક્સેલરેટિંગ સ્જીસ્ઈ પરફોર્મન્સ (RAMP) પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ અને અન્ય સુવિધાઓનો પણ શુભારંભ કર્યો. પીએમ મોદીએ કહ્યું કે ભારતની નિકાસ સતત વધી, ભારતની પ્રોડક્ટ્સ નવા બજારોમાં પહોંચે તે માટે દેશના MSME સેક્ટરનું સશક્ત હોવું ખુબ જરૂરી છે.

અમારી સરકાર તમારા આ સામર્થ્ય, આ સેક્ટરની અસીમ સંભાવનાઓને ધ્યાનમાં રાખતા નિર્ણય લઈ રહી છે અને નીતિઓ બનાવી રહી છે. લોકલ ઉત્પાદનોને અમે ગ્લોબલ બનાવવાનો સંકલ્પ લીધો છે.

મેક ઈન ઈન્ડિયા માટે લોકલ સપ્લાય ચેન બને તેનો પ્રયત્ન છે, જે ભારતની વિદેશો પર નિર્ભરતા ઓછી કરી શકે. આથી એમએસએમઈ સેક્ટરનો વિસ્તાર કરવા પર અભૂતપૂર્વ જોર અપાઈ રહ્યું છે. પીએમ મોદીએ MSME સેક્ટરનો અર્થ ગણાવતા કહ્યું કે અમારા માટે MSME નો અર્થ છે Maximum Supprt to Micro Smail and Medium Enterprise MSME સેક્ટરને મજબૂતાઈ આપવા માટે છેલ્લા આઠ વર્ષમાં અમારી સરકારે બજેટમાં ૬૫૦ ટકાથી વધુનો વધારો કર્યો છે. ભારત આજે ૧૦૦ રૂપિયા કમાય છે તો તેમાંથી ૩૦ રૂપિયા MSME સેક્ટરથી આવે છે.

MSME સેક્ટરને સશક્ત કરવાનો અર્થ છે સમાજને સશક્ત બનાવવો. બધાના વિકાસના લાભના ભાગીદાર બનવું. પીએમ મોદીએ કહ્યું કે આજે સમગ્ર દુનિયા ભારતની અર્થવ્યવસ્થાની ગતિ જોઈને પ્રભાવિત છે અને આ ગતિમાં ઘણી મોટી ભૂમિકા આપણા MSME સેક્ટરની છે. આથી MSME આજે Micro Economyની મજબૂતાઈ માટે પણ જરૂરી છે.

આજે ભારત જેટલું નિકાસ કરે છે તેમાંથી ઘણો મોટો ભાગ MSME નો છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખતા અમે એ સુનિશ્ચિત કર્યું છે કે આ ઉદ્યમ આગળ પણ વધે. જો કોઈ ઉદ્યોગ આગળ વધવા માંગતો હોય, વિસ્તાર કરવા માંગતો હોય, તો સરકાર માત્ર તેને સહયોગ આપે છે તેવું નથી પરંતુ સાથે સાથે નીતિઓમાં જરૂરી ફેરફાર પણ કરે છે. કેન્દ્ર સરકારે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ હેઠળ સાડા ત્રણ લાખ કરોડ રૂપિયાની મદદ MSME માટે સુનિશ્ચિત કરી. જેનાથી લગભગ ૧.૫ કરોડ રોજગાર ખતમ થતા બચ્યા જે ખુબ મોટો આંકડો છે.

# જગન્નાથજી રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરતા શહેર ભાજપના આગેવાનો




(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
રાજકોટ,તા.૧ :

અષાઢી બીજ એ રથયાત્રાનું મંગલ પર્વ છે. દર વર્ષે આ દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાની મૂર્તિને ત્રણ ભવ્ય રથમાં પધરાવી ભવ્યાતિભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે. રથયાત્રામાં લાખોની જનમેદની ઉમટી પડે છે અને આ ત્રણેય રથોને હજારો મનુષ્યો ભક્તિભાવથી ખેંચી અને ધન્યતા અનુભવે છે. ત્યારે અષાઢી બીજ નિમિતે શ્રી જગન્નાથજી રથયાત્રા સમિતિ દ્વારા આયોજીત રથયાત્રામાં ભગવાનશ્રી જગન્નાથજી, બહેનશ્રી સુભદ્રાજી તથા ભાઈશ્રી બલરામજી અલૌકિક રથમાં બિરાજમાન થઈ પરંપરાગત રાજકોટ મહાનગરના વિવિધ રાજમાર્ગો પર નીકળેલ ભગવાન જગન્નાથજી રથયાત્રાનું પુષ્કરધામ મંદિર સામે, પુષ્કરધામ મેઈન રોડ ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની આગેવાનીમાં શહેર ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું.

આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, રક્ષાબેન બોળીયા, ભાનુબેન બાબરીયા, પુષ્કર પટેલ, ડો. દર્શીતાબેન શાહ, વીરેન્દ્રસિહ ઝાલા, વિક્રમ પુજારા, માધવ દવે, હરેશ જોષી સહીતના સાથે બહોળી સંખ્યામાં વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૧ :સંતશ્રી વેલનાથજીની જન્મજયંતિ અંતર્ગત નીકળેલ શોભાયાત્રાનું કિશાનપરા ચોક ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની આગેવાનીમાં શહેર ભાજપ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, કુંવરજીભાઈ બાવળીયા, દેવજીભાઈ ફતેપરા, ભાનુબેન બાબરીયા, અનિલભાઈ પારેખ, હરેશ જોષી સહીતના સાથે બહોળી સંખ્યામાં વિવિધ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

# ટ્રકે હડફેટે લેતા બે મિત્રોના મોત

### આણંદપર નજીક ગાર્ડી કોલેજ પાસેનો બનાવઃ ટ્રાફીક જામ થતા લોધિકા પોલીસ દોડી ગઈ અને ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
રાજકોટ તા.૧

આણંદપર નજીક ગાર્ડી કોલેજ પાસે નિકાવાથી જમીને આવી રહેલા ત્રણ જીગરજાન મિત્રોને અકસ્માત નડયો હતો. મેટોડા જીઆઈડીસી ગેઈટ-૨માં રહેતા રોહીતભાઈ રસીકભાઈ જાખેલીયા (કોળી) (ઉ.વ.૨૫) ગત રાત્રીના તેમના મિત્ર હસમુખભાઈ ભાણજીભાઈ મહેતા (ઉ.વ.૪૫) અને વિપુલભાઈ જેન્તીભાઈ પંસારા (ઉ.વ.૨૮) બાઈકમાં સવાર થઈ નિકાવા જમવા માટે ગયા હતા. જયાંથી હોટલેથી જમીને મેટોડા પરત ફરવા માટે નિકળ્યા હતા ત્યારે આણંદપર નજીક ગાર્ડી કોલેજ પાસે પહોંચતા પાછળથી પુરપાટ માતેલા સાંઢની માફક આવેલા ટ્રકે હડફેટે લેતા ત્રણેય મિત્રો ફુટબોલના દડાની માફક ફંગોળાઈને રોડ પર પટકાયા હતા. જેમાં ત્રણેય મિત્રોને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

બનાવ સ્થળે રાત્રીના સમયે અકસ્માતથી ટ્રાફીક જામ થઈ ગયો હતો અને લોધિકા પોલીસને જાણ થતા એએસઆઈ મુસ્તાકભાઈ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને ટ્રાફીક જામ હળવું કરી ત્રણેય ઈજાગ્રસ્તોને સારવારમાં ૧૦૮ મારફતે ખસેડેલ હતો. જયાં સારવારમાં રાજકોટ સિવિલે પહોંચે તે પહેલા રોહિત જાખેલીયા અને હસમુખભાઈ મહેતાએ રસ્તામાં જ દમ તોડી દીધો હતો. બન્નેના મૃતદેહને લોધીકા પોલીસે પી.એમ.માં ખસેડી અજાણ્યા ટ્રક ચાલક સામે ગુનો નોંધી શોધખોળ આદરી હતી. જયારે ઈજાગ્રસ્ત વિપુલ પંસારાને સારવારમાં ખસેડાયો હતો.

# કોટડાસાંગાણીમાં પશુ ચરાવવા મામલે બે જૂથ વચ્ચે ડખોઃ મારામારીમાં ત્રણને ઈજા

### બે આધેડ પર ત્રણ શખ્સોએ હુમલો કરતા સારવારમાં ખસેડાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
રાજકોટ,તા.૧ :

કોટડાસાંગાણીના જુના પીપળીયામાં પશુ ચરાવવા મામલે બે જૂથ બાખડયા હતા.જેમાં ખેડૂત હેમંતભાઈ સહિત ત્રને ઈજા પહોંચતા સારવારમાં રાજકોટ સિવિલે ખસેડાયા હતા.બનાવ અંગેની વધુ વિગત અનુસાર કોટડાસાંગાણીના જુનાપીપળીયામાં રહેતા હેમંતભાઈ કુરજીભાઈ પરમાર (ઉ.વ.૩૫) ગત રોજ સાંજે ચાર વાગ્યે પોતાની વાડીએ હતા.ત્યારે ત્યાં બાજુમાં પશુ ચરાવવા આવેલા ભુપતભાઈ સવાભાઈ ઝાપડા (ઉ.વ.૪૫) અને સાથેના વેલાભાઈ મંગાભાઈ જોગીયા (ઉ.વ.૫૫) એ પશુઓ ખેડૂતના હેમંતભાઈની વાડીમાં ચરાવવા મુકી દિધેલી હતાં જે બાબતે ખેડૂતે બંન્ને પશુપાલકોને આદિથી તમારા પશુને બહાર કાઢો અમારો પાક બગાડે છે તેવું કહેતાં બંન્નેએ કહ્યું હતું કે આ મુંગા ઢોર છે અમારૂ માને નહી તેવું કહી લાકડી વડે ખેડૂત પર તુટી પડયા હતા.જે બાદ હેમંતભાઈ તેના ભાઈ ભરતભાઈને બોલાવી મારામારી કરનાર વેલાભાઈ અને ભરતભાઈ પર ખપારીથી હુમલો કર્યો હતો.બનાવમાં ઈજાગ્રસ્ત ત્રણેયને સારવારમાં રાજકોટ સિવિલે ખસેડાયા હતા. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે કોટડા સાંગાણી પોલીસને જાણ કરી હતી.

# મહાનગરપાલિકાના ૧૪ કર્મચારીઓને નિવૃત્તિ વિદાયમાન આપતા મ્યુનિ. કમિશનર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧

મહાનગરપાલિકાનાં કમિશનર અમિત અરોરાએ વહીવટી તંત્રના હાથ-પગ સમા અધિકારીઓ અને કર્મચારીઓને નિવૃત્તિના દિવસે જ પી.એફ. તેમજ જમા થયેલી હક્ક રજાનું રોકડમાં રૂપાંતર જેવા લાભો મળી જાય તે પ્રકારની પ્રણાલી અપનાવેલ છે, જેમાં તા. ૩૦ જૂનના રોજ મહાનગરપાલિકાના ૧૪ કમર્ચારીઓ નિવૃત થતા મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ મોમેન્ટો આપી સન્માન કરી વિદાયમાન આપ્યું હતું.

યોજાયેલા નિવૃત્તિ વિદાય સન્માન સમારોહમાં મ્યુનિ. કમિશનર અમિત અરોરાના વરદ હસ્તે કર્મચારીઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં તેમજ કર્મચારીઓના પી.એફ. અને હક્ક રજાના રોકડમાં રૂપાંતર અંગેના ચુકવણીના હુકમો તથા પી.પી.ઓ. બુકની નકલ પણ આપવામાં આવેલ હતી અને સ્વસ્થ નિવૃત જીવનની શુભેચ્છા પાઠવવામાં આવી. નિવૃત્તિ વિદાયમાન કાર્યક્રમમાં મ્યુનિ. કમિશનર અમિત અરોરા તેમજ નાયબ મ્યુનિ. કમિશનર આશિષ કુમાર, ચેતન નંદાણી, એ.આર.સિંહ સહીતનાં અધિકારીઓ કર્મચારીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીગ્રામમાં ૧.૧૪ લાખની મતાની ચોરી

### મકાનના ઉપરના માળે પરીવાર સુતો હતો અને તસ્કરો નીચેથી ચોરી કરીને રફુચક્કર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૧

શહેરમાં પોલીસ પેટ્રોલિંગની પોલ ખોલતા તસ્કરોએ વધુ બે મકાનને નિશાન બનાવ્યા છે. ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા લાખના બંગલા સામે રહેતા જોરૂભા બચુભાઇ ચૌહાણે નોંધાવેલી ફરિયાદ મુજબ ગત રાતે તેઓ પરિવારજનો સાથે મકાનના ઉપરના માળે સુતા હતા. ત્યારે નીચેનો માળ ખુલ્લો રહી ગયો હોય કોઇ સાડા બારથી સાડા ચાર વાગ્યાના અરસામાં ઘરમાં પ્રવેશી અભેરાઇમાં રહેલા ડબ્બામાંથી કોઇ રોકડા રૂપિયા ૧ લાખ અને ૧૪ હજારના ઘરેણાં મળી રૂપિયા ૧.૧૪ લાખની મતા ચોરી ગયા છે. સવારે જાગ્યા ત્યારે ચોરીની ખબર પડતા બપોરે ગાંધીગ્રામ પોલીસમાં જાણ કરી હતી.

બનાવને પગલે પીએસઆઇ જે.જી.રાણા સહિતનો કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો. ચોરીના બનાવમાં જાણભેદુની જ સંડોવણી હોય તે દિશામાં તપાસ હાથ ધરી છે. પોલીસે તસ્કરને પકડી પાડવા વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે. ચોરીના બીજા બનાવની વાલકેશ્વર મેઇન રોડ પર આવેલા શ્રીનગર-૩માં રહેતા સિક્યુરિટી ગાર્ડની નોકરી કરતા બિપીનભાઇ નાનાલાલ વ્યાસે ફરિયાદ નોંધાવી છે. ગત તા.૨૪ની સાંજે મકાન બંધ કરી પત્ની સાથે દ્વારકા ગયા હતા. તા.૨૬ની સાંજે પાડોશીનો તમારા બંધ મકાનના તાળાં તૂટ્યા હોવાની વાતનો ફોન આવ્યો હતો.

જેથી મોડી રાતે બંને દ્વારકાથી રાજકોટ પરત આવ્યા હતા. પરિવારે ઘરે આવી તપાસ કરતા મકાનમાં રહેલા કબાટની તિજોરીમાંથી સોના-ચાંદીના ઘરેણાં અને રોકડા રૂ.૧૫ હજાર મળી કુલ રૂપિયા ૪૭,૮૦૦ની મતા જોવા મળી ન હતી. મકાનમાં ચોરી થઇ હોવાનું જાણવા મળતા તુરંત ભક્તિનગર પોલીસમાં જાણ કરી હતી. પોલીસે ફરિયાદ નોંધી તસ્કરની ભાળ મેળવવા વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે.

### જામનગર રોડ પર ગાયત્રીધામ નજીક સવારે બનેલો બનાવ

# મહિલા પર સ્પ્રે છાંટી, માર મારી ઘરેણાં, રોકડની લૂંટ

### ૧૯ હજારની મતા લૂંટી જનાર યુગલ સામે ફરિયાદ નોંધી તપાસનો ધમધમાટ

રાજકોટ.તા.૧

શહેરના જામનગર રોડ, સંજયનગર-૨માં રહેતી વિધવા યાસ્મીન અબ્દુલરજાક બુકેરાએ આશરે ૩૦થી ૪૦ વર્ષની ઉંમરના યુગલ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, સાત વર્ષ પહેલા પતિનું અવસાન થયું છે. પોતાનું ગુજરાન ચલાવવા ઘરકામ કરવા જાય છે. દરમિયાન વ્હોરા સોસાયટીમાં કામે જવા માટે ગુરૂવારે સવારે પગપાળા નીકળી હતી. ગાયત્રીધામ બગીચા નજીક પહોંચતા બાઇક પાસે આવ્યું હતું અને પાછળ બેઠેલી મહિલાએ સિનર્જી હોસ્પિટલ જવાનો રસ્તો પૂછ્યો હતો, ત્યારે પોતે કંઇ સમજે તે પહેલા જ પાછળ બેઠેલી મહિલાએ પોતાને પાટુ મારી જમીન પર પછાડી દીધી હતી.

મને કેમ પછાડી તેવું પૂછી બૂમો પાડી હતી. બાદમાં બાઇકચાલકે માથામાં બડીકાનો ઘા ઝીંકી માર માર્યો હતો મારા હાથમાંથી થેલી ઝૂંટવવાનો પ્રયાસ કરતા થેલી નહિ છોડતા શખ્સે મોઢા પર કોઇ સ્પ્રે છાંટ્યો હતો. જેથી પોતાને બળતરા થવા લાગી હતી. પોતે અર્ધબેભાન જેવી થતા મહિલાએ કાનમાંથી સોનાના બૂટિયા અને રોકડા રૂ.૪ હજાર કાઢી લઇ બંને નાસી ગયા હતા. થોડો સમય ત્યાં બેસી રહ્યા બાદ મહામહેનતે રોડ પર પહોંચી હતી. અને પરિચિતની રિક્ષામાં પોતે જ્યાં કામ કરે છે ત્યાં ઉતારી ગયો હતો, ત્યાં પ્રાથમિક સારવાર કરી પોતે ઘરે પહોંચી ભાઇ-ભાભીને વાત કરી પોલીસને જાણ કરી હતી. ગાંધીગ્રામ પોલીસના પીઆઇ જી.એમ.હડિયા, એએસઆઇ જે.એસ.હુંબલે ૧૯ હજારની મતા લૂંટી જનાર યુગલ સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

# તું મારા દીકરાને લાયક નથી કહી સાસુનો ત્રાસ

### સાસરીયા પક્ષને સમજાવવાનાં પ્રયાસો કરાયા પરંતુ નિષ્ફળ જતાં આખરે ફરિયાદ નોંધાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
રાજકોટ.તા.૧

રાજકોટ શહેરના યુનિવર્સિટી રોડ પર રહેતી અને એમબીએ કરેલ ૨૭ વર્ષની પરિણીતાએ કોલકત્તા રહેતા પતિ વિવેક, સસરા નિલેશભાઈ ચંદુલાલ કામદાર અને સાસુ સોનલબેન વિરૂદ્ધ દહેજના પ્રશ્ને ત્રાસ આપ્યાની મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ સાસુ તું જાડી છો, મારા દીકરાને લાયક નથી તેમ કહી અવારનવાર મેણા મારતા હતા તો પતિ પરિણીતાના પિતા પાસેથી ૫ લાખ રૂપિયાની માગણી કરતો હતો.

મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, સાસુએ ઘરકામ અને નાની નાની બાબતોમાં ઝઘડા કરવાનું શરૂ કર્યું હતું. અવારનવાર તને રસોઈ બનાવતા આવડતી નથી, તારામાં સંસ્કાર નથી, તું કરિયાવરમાં પણ ઓછી વસ્તુ લાવી છો તેમ કહી મેણાટોણાં મારવાનું શરૂ કર્યું હતું.

લગ્નના બે માસ બાદ જેઠાણીએ પુત્રીને જન્મ આપતા સાસુએ મને જલ્દી બાળક કરવા માટે દબાણ કરવાનું શરૂ કર્યું હતું. મારા પતિને પણ ચડામણી કરતા હોવાથી પતિ મારી સાથે ઝઘડા કરતો હતો. સાસુ અવારનવાર તું જાડી છો, મારા દીકરાને લાયક નથી કહી ઝઘડા કરતાં હતા.

પતિ એમ પણ કહેતો કે, મને તારાથી પણ સારી છોકરી મળી જશે, તું જતી રહે તો મને કોઈ ફરક પડતો નથી. સાસરીયાઓએ પિયર પક્ષનાં સભ્યો સાથે પણ વાત કરવાની ના પાડતા હતી. જો વાત કરીશ તો ફોન લઈ લઇશું તેમ કહેતા હતા. મારા પતિએ પિયરથી પૈસા લાવવાનું કહ્યું હતું. આથી મેં ઈન્કાર કરતા ઝઘડો કર્યો હતો. સાસુ-સસરાએ પણ આ બાબતે ઝઘડો કર્યો હતો.

પરિણામે પતિએ તેની સાથે વાતચીત કરવાનું બંધ કરી દીધું હતું. ગત ૯ જુલાઇના રોજ પતિ સાથે પિયરમાં આવી હતી. ત્યારે પતિએ તેના પિતા પાસેથી રૂ.૫ લાખની માગણી કરી હતી. તેના પિતાએ ના પાડતા એમ કહ્યું હતું કે, તમે તમારી દીકરીને કરીયાવર ઓછો આપ્યો છે. જો તમે પૈસા નહીં આપો તો હું તમારી દીકરીને નહીં લઈ જાઉં. આ રીતે તેના પિયરપક્ષ સાથે ઝઘડો કરી પતિ તેને લીધા વગર કોલકત્તા જતો રહ્યો હતો. સાથોસાથ એમ પણ કહ્યું હતું કે, તારે જો પાછું આવવું હોય તો તારા પિતા પાસેથી રૂ.૨ લાખ લઈ આવજે, નહીંતર મારે તું જોઈતી નથી. ત્યારબાદ સમાજનાં આગવાનો દ્વારા તેના સાસરીયા પક્ષને સમજાવવાનાં પ્રયાસો કરાયા હતાં. પરંતુ નિષ્ફળ જતાં આખરે ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.



રાજ્યના ૭૧ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૪ કરોડ જનસંખ્યાને
જુલાઈ-૨૦૨૨ મહિનાના
રાહતદરના નિયમિત વિતરણ તથા
"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" ના વિનામૂલ્યે વિતરણ
સબંધિત અગત્યની જાણકારી

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ જુલાઈ મહિનાનું નિયમિત વિતરણ
તા.૦૧.૦૭.૨૦૨૨ થી શરૂ કરવામાં આવશે.
NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ અને કેરોસીનના મળવાપાત્ર જથ્થાની વિગત નીચે મુજબ છે

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા | |
| ૫ | તુવેરદાળ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૫૦.૦૦ |
| ૬ | ખાંડ નિયમિત | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૭ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૮ | કેરોસીન | કેરોસીન પાત્રતા ધરાવતા અંત્યોદય અને બીપીએલ કાર્ડધારકો | વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહતદરે (પ્રતિ લીટર) |

રાજ્યના ૫૦ વિકાસશીલ તાલુકામાં આવેલા NFSA હેઠળ સમાવિષ્ટ રેશનકાર્ડ ધારકોને જુલાઈ-૨૦૨૨થી પ્રતિકુટુંબ ૧ કિ.ગ્રા. ચણા રૂ.૩૦/-ના રાહત ભાવથી મળવાપાત્ર થશે જેનું વિતરણ તા.૧૬.૦૭.૨૦૨૨ ના રોજ શરૂ કરવામાં આવશે

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ તથા અમદાવાદ શહેરમાં NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. ઘઉં અને ૪ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજનું વિનામૂલ્યે વિતરણ તા.૧૬.૦૭.૨૦૨૨ ના રોજ શરૂ કરવામાં આવશે



| ક્રમ | કેટેગરી | આવશ્યક ચીજવસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪ કિ.ગ્રા | વિનામૂલ્યે |

વન નેશન, વન રેશનકાર્ડ યોજના
ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ કોઈપણ વાજબી ભાવની દુકાનેથી પોતાના કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અન્ન પુરવઠો મેળવી શકશે

MY RATION
દરેક લાભાર્થીને "My Ration" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, મેળવેલ જથ્થો, ઓનલાઈન રિસિપ્ટની વિગતો મેળવી શકશો.
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય
લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

# ગુજરાત એસટીમાં ડિજિટલ ક્રાંતી, ડેબીટ-ક્રેડીટ કાર્ડ તથા QR કોડથી ટિકિટ ઉપલબ્ધ

## વર્ષ ૨૦૨૧-૨૨માં આવકમાં ૭૦ ટકાનો વધારો : રાજ્યના ૯૫ બસ સ્ટેશન ઉપર વાઈફાઈ સુવિધા




**(એજન્સી સમાચાર)**

રાજકોટ,તા. ૧

વડાપ્રધાને વર્ષ ૨૦૧૫માં ડિજિટલ ઈન્ડિયાની જાહેરાત કરી હતી ત્યારે તેમનું સ્વપ્ન હતું. ભારતમાં ડિજિટલ ક્રાંતિ લાવવાનું અને દરેક સુવિધાઓ નાગરિકને આંગળીના ટેરવે મળતી રહે તે માટે ડિજીટલ પહેલ માટે ગુજરાત રાજ્ય હંમેશા અગ્રેસર રહ્યું છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, GSRTCની વાત કરીએ તો વર્ષ ૨૦૦૮માં ઓનલાઈન પેસેન્જેર રીજર્વેશન સીસ્ટમ કાર્યરત કરવામાં આવી અને વર્ષ ૨૦૧૩ માં વેબસાઈટ તથા વર્ષ ૨૦૧૯માં IOS અને એન્ડ્રોઇડ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. જેના થકી ફોન બુકિંગ, બુકિંગમાં ફેરફાર, લીંક સર્વિસ, વેઈટીંગ લીસ્ટ અને ઈ-વોલેટ જેવી સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, GSRTC દ્વારા જણાવ્યાનુસાર વર્ષ ૨૦૨૦માં સેવા સેતુ પોર્ટલ પર મુસાફર પાસ, ઓનલાઈન ટિકિટની સુવિધા પણ કાર્યરત કરવામાં આવી છે જેના પરિણામે વર્ષ ૨૦૨૧ ના દિવાળી તહેવારો દરમિયાન એક જ દિવસમાં સમગ્ર દેશના STU માંથી ગુજરાત એસ.ટી નિગમમાં સૌથી વધુ ૯૪,૫૩૯ ટીકીટનું બુકિંગ થયું. જે ટીકીટ થકી નિગમને એક જ દિવસમાં રૂ. ૧,૮૦,૧૭,૯૨૩ ની થઇ હતી. જેમાં મોબાઇલ એપ્લીકિશન થકી એક જ દિવસમાં સૌથી વધારે ૨૧,૮૬૮ ટીકીટોનું બુકિંગ થયું હતું. વર્ષ ૨૦૨૧ સતત ૩૭ દિવસ સુધી દરરોજ રૂ. ૧ કરોડથી વધારેનું ઓનલાઈન બુકિંગ થયું અને આ બધું શક્ય બન્યું માત્રને માત્ર રાજય સરકારની ડિજીટલ ક્રાંતિને પરિણામે.

એસ.ટી. નિગમ દ્વારા પ્રાયોગિક ધોરણે ૬૫ પ્રિમિયમ બસમાં સ્વાઈપ મશીન થકી પ્રવાસીઓને ટિકિટ ઈશ્યુ કરવામાં આવી રહી છે. જેમાં પ્રવાસી પોતાના ડેબિટ, ક્રેડિટ કાર્ડ અથવા QR કોડ વડે POS મશીનથી ટિકિટ મેળવી શકશે. હાલ પ્રાયોગિક ધોરણે નિગમની ૬૫ વોલ્વો અને એ.સી. કેટેગરીની પ્રીમિયમ બસમાં આ સુવિધા શરૂ કરાઈ છે. અગામી દિવસોમાં વધુ ૪૫ બસોમાં સ્વાઈપ ઉપલબ્ધ કરવામાં આવશે. આવનારા સમયમાં બધી બસોમાં સ્વાઈપ કરી ટિકિટ આપવાની કામગીરી પણ ખૂબ જલદી હાથ ધરવામાં આવશે.

### આવનારા સમયમાં બધી બસોમાં સ્વાઈપ કરી ટિકિટ આપવાની કામગીરી પણ ખૂબ જલ્દી હાથ ધરવામાં આવશે

ડિજીટલ ક્રાંતિને કારણે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની આવકનો માર્ગ પણ મોકળો બન્યો છે. વર્ષ ૨૦૧૯-૨૦માં આવક રૂ. ૨૭૦.૭૨ કરોડ હતી અને ૩૧.૧૩ સીટોનો વધારો થયો હતો ત્યારે ૨૦૨૦-૨૧માં કોરોનાના કારણે વાહન વ્યવહારમાં મંદી જોવા મળી હતી અને આવકમાં ઘટાડો થયો હતો પણ જો ૨૦૨૧-૨૨ની વાત કરીએ તો આવક રૂ. ૨૮૦.૬૧ કરોડ થયાની સાથે સીટોમાં ૬૩.૧૭%નો વધારો જોવા મળ્યો છે અને કુલ આવકમાં ૭૦.૧૮% ની વૃદ્ધિ જોવા મળી છે. મુસાફરને વાઈફાઈ, ઈન્ટરનેટની સગવડતા માટે રાજ્યના જુદા જુદા ૯૫ સ્ટેશન પર GSUAN (GTPL), BSNL, GSRTC(GTPL) ઈન્ટરનેટ જોડાણની પણ વ્યવસ્થા કરવા આવી છે. આ ઉપરાંત, બસની સ્થિતિ અને લોકેશન જાણવા GPS સિસ્ટમથી સજ્જ બસો સગવડતા પૂરી પાડે છે.

# રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરીના અધિકારી-કર્મચારીઓનો નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો



## સચુંકત માહિતી નિયામક શરદભાઇ બુંબડિયા અને વર્ગે-૪ના રસિકભાઇ મહેતા વયનિવૃત્ત થયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટના સયુંકત માહિતી નિયામક શરદભાઇ બુંબડિયા અને વર્ગ ૪ ના કર્મચારી રસિકભાઇ મહેતા વયનિવૃત્તિ થતાં તેમનો ભાવભીનો વિદાય સમારંભ પ્રાદેશિક માહિતી કચેરી ખાતે યોજાયો હતો. આ પ્રસંગે ભાવવિભોર સ્વરમાં સંયુક્ત માહિતી નિયામક શરદભાઈ બુબડીયાએ ૩૮ વર્ષની સુદીર્ઘ કારકિર્દીના સંસ્મરણો વાગોળતા કહ્યું હતું કે સરકારી સેવામાંથી ભલે નિવૃત થતો હોવ પંરતુ માહિતી પરિવાર સાથેનો મારો નાતો આજીવન રહેશે.

રસિકભાઇ મહેતાએ ૩૭ વર્ષ સુધી રાજકોટની કચેરી ખાતે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી. બુબડિયાએ રસિકભાઇની ચાર દાયકાથી પણ વધુ લાંબી સરકારી સેવાને બિરદાવીને તેઓનું નિવૃત્તિ જીવન આરોગ્યપ્રદ અને દીર્ઘ આયુષ્યવાળું રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે રસિકભાઇ મહેતાએ તેમના માહિતી પરિવાર સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા. નાયબ માહિતી નિયામક નિરાલા જોષીએ નિવૃત થતાં અધિકારી અને કર્મચારીને નિવૃતિ જીવનની શુભકામના પાઠવી હતી. તેમજ બુંબડિયાની વહીવટી કામગીરીની કુશળતા અને શિસ્તબદ્ધતા વિશેના સંસ્મરણો વાગોળ્યા હતા. તેમજ રસિકભાઇએ કરેલી કામગીરીને બિરદાવી હતી. નિવૃત સહાયક માહિતી નિયામક જગદીશભાઈ સત્યદેવ અને સહાયક માહિતી નિયામક પ્રિયંકા પરમારે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. શરદભાઇ બુંબડિયા અને રસિકભાઇ મહેતાને સાકરનો પળો, ફૂલહાર તથા સાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન કેતનભાઇ દવેએ કર્યું હતું.

આ પ્રસંગે શરદભાઇ બુંબડિયાના ધર્મપત્ની ચંપાબેન સહિત રસિકભાઇ મહેતાના પરિવારજનો, સહાયક માહિતી નિયામક સોનલબેન જોષીપુરા, જયેશભાઇ પુરોહિત સહિતના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જીલ્લા પ્રવાસન સમિતિની બેઠક યોજાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૧: જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને પ્રવાસન બોર્ડની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં પ્રવાસન અને યાત્રાધામ બોર્ડ દ્વારા કાર્યરત વિવિધ વિકાસના કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં પ્રગતિ હેઠળ ધાર્મિક સ્થળોનું નવનિર્માણ, નવીનીકરણ અને અન્ય બાંધકામ અર્થે વિવિધ કામોને બહાલી આપવામાં આવી હતી અને પ્રગતિ હેઠળના કાર્યોની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદર, ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળિયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, જિલ્લા આયોજન અધિકારી નીતિન ટોપરાણી, પ્રાંત અધિકારીઓ તેમજ અન્ય સંબધિત વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરગમ ચિલ્ડ્રનના સભ્યો માટે ચિત્ર-સ્પર્ધા યોજાઈ



## ડ્રોંઈગ કોમ્પિટિશનમાં ૨૪૦ બાળકોએ ભાગ લીધો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

સરગમ ચિલ્ડ્રન કલબના સભ્યો માટે ડ્રોઇંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં કુલ ૨૪૦ બાળકોએ ભાગ લીધો હતો.

જેમાં બે ગ્રુપમાં રાખવામાં આવ્યા હતા. ગ્રુપ એ-૬ થી ૧૦ વર્ષના બાળકો માટે વર્ષાઋતુ, હું અને મારું ઘર, કુદરતી દ્રશ્ય, મારું પ્રિય પ્રાણી, કાર્ટુન ચિત્ર આમાંથી કોઈ એક વિષય ઉપર ડ્રોઇંગ બાળકોએ કર્યું હતું અને ગ્રુપ બી-૧૧ થી ૧૫ વર્ષના બાળકો માટે વર્ષાઋતુનું આગમન/મારી ફેવરીટ ગેઈમ, મારો પ્રિય ત્યોહાર, માટી બચાઓ, હાય! કોરોના, કુદરતી દ્રશ્ય આમાંથી કોઈ એક વિષય ઉપર ડ્રોઇંગ બાળકોએ કર્યું હતું. આ ચિત્ર સ્પર્ધામાં બાળકોએ પોતાની કલા, કૌશલ્ય અને ઉત્સાહપૂર્વક ૨૪૦ બાળકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સરગમ કલબ ના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, અને ચિત્ર શિક્ષક તેજસભાઈ વ્યાસ અને લેડીઝ કલબના કમિટી મેમ્બર મધુરીકાબેન જાડેજા, ગીતાબેન હિરાણી, ચેતનાબેન સવજાણી, ભાવનાબેન મહેતા, અલ્કાબેન ધામેલિયા, જયશ્રીબેન વ્યાસ, વૈશાલીબેન શાહ, હેતલબેન થડેશ્વર તેમજ તમામ કમિટી મેમ્બર જહેમત ઉઠાવી હતી.

# શહેર યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ મયુર વાંકનો આજે જન્મદિવસ



રાજકોટ: વિદ્યાર્થીઓ અને યુવાનો માટે લડતો કરી NSUIના પૂર્વ પ્રમુખ તરીકેની અને હાલ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે તેઓ જવાબદારી નિભાવી રહ્યા છે. પોતાના શાંત,સરળ અને નિખાલસ સ્વભાવને કારણે પરિવાર અને મિત્રમંડળમાં સૌના તેઓ પ્રિય છે. આજે તેમના જન્મદિવસ નિમિતે બહોળું મિત્રમંડળ, સામાજિક રાજકીય આગેવાનો, કૌટુંબીકજનો તેના મો.૯૯૨૪૩ ૮૦૮૦૯ પર શુભકામનાઓ પાઠવી રહ્યા છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

# એન્કરવાલા અહિંસાધામ ખાતે બે દિવસીય જીવદયા યજ્ઞનું આયોજન



## નંદી સરોવર ખાતે ૯ હજાર વૃક્ષોનું વૃક્ષારોપણ કરાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

કચ્છ, તા.૧

એન્કરવાલા અહિંસાધામ ખાતે બે દિવસીય કાર્યક્રમનું આયોજનનું કરવામાં આવ્યું છે. આ બે દિવસીય કાર્યક્રમનું આયોજન તા.૯ શનિવાર અને તા.૧૦ રવિવારનાં રોજ સવારે ૯:૩૦ કલાકથી એન્કરવાલા અહિંસાધામ, પ્રગપુર રોડ જંકશન, તા. મુંદ્રા, કચ્છ ખાતે કરવામાં આવ્યું છે.

શનિવાર તા.૯ ને શનિવારે સવારે ૯:૩૦ કલાકે એન્કરવાલા અહિંસાધામ સંકુલ ખાતે સંસ્થા પરિચય તેમજ વૃક્ષ, પક્ષી અને ઝેર મુક્ત ખેતી પર વક્તવ્ય આપવામાં આવશે. બપોરે ૩ કલાકે નંદી સરોવર ખાતે ૯૦૦૦ દેશી વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવશે. તેમજ બિયારણ રૂમનું ઉદઘાટન અને ચારો દાનમાં લાવનારનું બહુમાન કરવામાં આવશે. સાંજે ૮ કલાકથી એન્કરવાલા અહિંસાધામ સંકુલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંગીતાર ગૌરાંગ સોની તથા સુનિલ સોની ઉપસ્થિત રહેશે. તા.૧૦ ને રવિવારના રોજ સવારે ૯-૩૦ કલાકે બીમાર ગાયને લાડુનું જમણ, હોસ્પિટલ નિરીક્ષણ, ઓડિટોરિયમ ખાતે અહિંસા ફિલ્મ બતાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. ડો. એમ. પી. તિલવાણી (મનોચિકિત્સક) - ભુજ, બુધિયા ભગત- ડોણ રાજડા ગ્રામ પંચાયત, રતન ગઢવી (ગૌ સેવા સમિતિ)- મુંદ્રાને અહિંસા એવોર્ડ એનાયત કરવામાં આવશે. જેમાં મુખ્ય અતિથિ તરીકે ડો. નિમબેન આચાર્ય (વિધાનસભા અધ્યક્ષ- ગુજરાત) ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમની વિશેષ માહિતી મેળવવા માટે મહેન્દ્રભાઈ સંગોઈ (મો.૯૮૨૧૧૫૧૩૬૪), હરેશભાઈ વોરા (મો.૯૮૨૧૧ ૬૦૫૨૯), અમૃતભાઈ છેડા (મો.૯૮૯૨૫ ૬૧૯૬૮), મૂલચંદભાઈ છેડા (મો.૯૮૨૧૯ ૧૧૨૯૯) નો સંપર્ક કરવા ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એન્કરવાલા અહિંસાધામની યાદીમાં જણાવાયું છે.

# વડિયાના પ્રેસ પ્રતિનિધિ ડો.કિરીટ જોટવાનો આજે જન્મદિવસ



વડિયા: અમરેલી જિલ્લાના વડિયાની સુરગવાળા હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા સાથે અમરેલી જિલ્લાના પ્રિન્ટ મીડિયાના પ્રેસ પ્રતિનિધિ અને વડિયા કુંકાવાવ તાલુકા ભાજપના મીડિયા સેલના કન્વીનર, અમરેલી જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ તરીકે સેવા આપતા ડો.કિરીટ જોટવાનો આજે ૪૨મો જન્મદિવસ છે ત્યારે તેમના વિશાળ મીત્ર સર્કલ અને સગા સબંધીઓમાંથી તેમના મોબાઈલ નંબર ૯૮૯૮૪૬૭૯૯૯પર શુભકામના વર્ષી રહી છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

# એરફોર્સમાં અગ્નિવીર-વાયુ તરીકે જોડાવા માટેની ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ

## તા. ૫ જુલાઈ સુધીમાં અરજી કરવાની રહેશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

સૌરાષ્ટ્રના યુવાનો માટે રોજગારી સાથે દેશની સેવા કરવાનો અમુલ્ય અવસર ભારતીય વાયુસેના લાવી રહી છે. જે અન્વયે ભારતીય વાયુસેનામાં અગ્નિવીર-વાયુ તરીકે જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ https://caree rindianairforce.cdac.in અથવા https://Indiana irforce.nic.in વેબસાઈટ પર તા. ૫ જુલાઈ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેમાં ઉમેદવારોએ જરૂરી ડોકયુમેન્ટસ તથા પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે ઉમેદવારનો જન્મ તા.૨૯/૧૨/૧૯૯૯ થી ૨૯/૬/૨૦૦૫ વચ્ચે થયેલ હોવો જોઈએ.

આ ઉપરાંત ઉમેદવારો વધુ જાણકારી વેબસાઈટ પરથી મેળવી શકશે તેમ મદદનીશ નિયામક રોજગારની યાદીમાં જણાવ્યું છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની શાહી સવારી, અભૂતપૂર્વ રથયાત્રા

અને એમણે ખૂબ જ ધન્યતા અનુભવી હતી. પહિંદવિધિ સમયે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા પણ ભક્તિભાવ સાથે સામેલ થયા હતા. મુખ્યમંત્રીએ અષાઢી બીજે સહુ ગુજરાતીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. તદઉપરાંત આજે કચ્છી નૂતન વર્ષ પણ હોવાથી કચ્છી સમાજનાં ભાઈઓ- બહેનોને નવા વર્ષની અદકેરી શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રચંડ માનવ મહેરામણ સાથે આગળ ધપી રહેલી રથયાત્રામાં આગળ ૧૮ શણગારેલા ગજરાજ જોડાયા છે. ૩૦ અખાડા, ૧૮ ભજન અને રાસમંડળીઓ તથા ત્રણ બેન્ડવાજા ગ્રુપ લોકોનાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. બે લાખ જેટલા ઉપરણાનો પ્રસાદ આપવામાં આવી રહ્યો છે. ૫૦૦ કિલો જાંબુ, ૩૦૦ કિલો કેરી, ૪૦૦ કિલો કાકડી અને દાડમનો પ્રસાદ ભક્તોને વિતરણ કરવામાં આવી રહ્યો છે. ૩૦ હજાર કિલો મગનો પ્રસાદ પણ તૈયાર કરવામાં આવ્યો છે. જેનો ભાવિકો લાભ લઇ રહ્યા છે. અગાઉ રથયાત્રામાં ગુંદી અને ગાંઠીયાનો પ્રસાદ આપવામાં આવતો હતો. વર્ષો પહેલા ૮ ઘોડા પર બેસીને મહંત રથયાત્રાએ નીકળતા હતા. આજે સેંકડો ટ્રક પણ જોડાયા છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે, રથયાત્રાનો દોઢ કરોડનો વિમો પણ ઉતરાવવામાં આવ્યો છે. રથયાત્રામાં બે હજારથી વધુ સાધુ-સંતો ભક્તિભાવ સાથે જોડાયા છે. ત્રણ રથ આગળ- પાછળ ચાલે છે. પરંપરા મુજબ સૌથી આગળ પહેલો રથ બલભદ્રજીનો હોય છે. બીજો રથ બહેન સુભદ્રાનો હોય છે અને છેલ્લે ત્રીજા રથમાં નાથની પધરામણી હોય છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પહિંદવિધિ અને પૂજન-અર્ચન કર્યા બાદ રાજ્યનાં તમામ ભાઈઓ- બહેનોનો શુભેચ્છાઓ પાઠવી આશા વ્યક્ત કરી હતી કે, જગન્નાથજી સહુ પર કૃપા વરસાવે અને સહુને આરોગ્ય, સુખાકારી, સમૃધ્ધિ અને સુખ-શાંતિ આપે એવી મેં પ્રાર્થના કરી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આજે જગન્નાથજી શહેરનાં નાગરિકોને દર્શન આપવા નગરચર્યાએ નિકળ્યા છે ત્યારે તમામ નગરજનોમાં ભારે ઉત્સાહ છે અને નાથને આવકારવા તલપાપડ બન્યા છે. નગરયાત્રામાં મહંત દિલીપદાસજી, અમદાવાદનાં મેયર કિરીટ પરમાર, ડે.મેયર શ્રીમતી મીનાક્ષીબેન, સ્ટે.ચેરમેન હિતેશ બારોટ સહિતનાં મનપા પદાધિકારીઓ, અધિકારીઓ, તમામ સમાજનાં આગેવાનો જોડાયા છે. પોલીસનો જબરદસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સમગ્ર રથયાત્રા રૂટ પર ટોચનાં પોલીસ અધિકારીઓ ઉપરાંત ૨૫ હજાર પોલીસ કર્મીઓ સુરક્ષા માટે તૈનાત છે.(૨.૧૨)

## આજથી દેશમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ

આપવામાં આવી છે. પરંતુ પેકિંગ માટે વપરાતું પ્લાસ્ટિક પર્યાવરણની દષ્ટિએ યોગ્ય છે, તેનું ધ્યાન રાખવું પડશે. ભારતની વાત કરીએ તો, સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે દેશમાં દરરોજ ૨૬ હજાર ટન પ્લાસ્ટિક કચરો પેદા થાય છે, જેમાંથી માત્ર ૬૦% જ એકત્ર થાય છે. બાકીનો કચરો નદી-નાળાઓમાં ભળી જાય છે અથવા પડેલો રહે છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના જણાવ્યા અનુસાર ભારતમાં દર વર્ષે ૨.૪ લાખ ટન સિંગલ યુઝ પ્લાસ્ટિકનું ઉત્પાદન થાય છે. તદનુસાર, દરેક વ્યક્તિ દર વર્ષે ૧૮ ગ્રામ સિંગલ યુઝ પ્લાસ્ટિક વેસ્ટનું ઉત્પાદન કરે છે.

## દિલ્હી-ભોપાલ શતાબ્દી ટ્રેનમાં ચાનાં એક કપનો ભાવ રૂ.૭૦...!!

ભાવ તથા હલકી કક્ષાનાં ભોજન અંગે રેલવેને કેટરીંગ સર્વિસ આઈઆરસીટીસી ને સેંકડો ફરિયાદ કરે છે. પરંતુ સર્વિસ આપતી કંપનીનાં બહેરા કાને અથડાઈને ઉતારુંઓની ફરિયાદો પાછી ફરે છે. એક ઉતારુંએ જણાવ્યું હતું કે, રૂ.૨૦ નાં ચાનાં કપ પર રૂ.૫૦ જીએસટી લાગુ કરાઈ એ કઈ રીતે ચલાવી લેવાય.(૨.૧૨)

## સોનું મોંઘુઃ ઈમ્પોર્ટ ડયુટી ૫ ટકા વધી

વધી રહી છે. તે જ સમયે, આયાત બિલમાં સતત વધારાને કારણે, ફોરેક્સ રિઝર્વ પર પણ અસર થઈ છે અને તેમાં થોડો ઘટાડો થયો છે. આને ધ્યાનમાં રાખીને સરકાર કેટલાક મોટા પગલા લઈ રહી છે, જે અંતર્ગત સોના પરની આયાત ડ્યૂટી પણ વધારી દેવામાં આવી છે. તાત્કાલિક અસરથી આયાત ડ્યુટીમાં વધારો થવાને કારણે સોનાની આયાતમાં ઘટાડો થશે. બીજી તરફ જો માંગ આવી જ રહેશે તો ભાવ વધશે. જો કે, અનુજ ગુપ્તાનું માનવું છે કે આયાત ડ્યુટીમાં વધારો થયા બાદ સોનાની માંગમાં શોર્ટ ટમમાં થોડો ઘટાડો થઈ શકે છે. વેપારીઓ મોંઘા સોનાની આયાત કરવાનું ટાળે છે, તેથી ભૌતિક બજારમાં પણ માંગ ઓછી રહી શકે છે. કોઈપણ રીતે, તે તહેવારોની સિઝન નથી કે લગ્નની સિઝન નથી. તેમનું કહેવું છે કે હવે ઓગસ્ટથી જ સોનાની માંગ વધવાની આશા છે. ગઈકાલે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું ૧૮૧૦ ડોલરનું સપોર્ટ લેવલ તોડી તેની નીચે આવી ગયું હતું. નજીકના ગાળામાં કોન્સોલિડેશન થશે. હવે સોના માટે આગામી સપોર્ટ લેવલ ૧૭૯૫ અને ૧૭૮૫ છે. જયારે ળભદ્ઘ પર તે ૫૦૧૦૦ ના સ્તરની આસપાસ છે. આ માટે આગામી સપોર્ટ લેવલ ૪૯૭૦૦ના સ્તરે છે. અનુજ ગુપ્તા કહે છે કે નજીકના ગાળામાં તે ૪૯૦૦૦ રૂપિયાથી ૫૨૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની રેન્જમાં રહી શકે છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના રિપોર્ટ અનુસાર, ૨૦૨૧માં ભારતે ૫૫.૭ અબજ ડોલર એટલે કે ૪,૧૪૧.૩૬ અબજ રૂપિયાના સોનાની આયાત કરી હતી. ૨૦૨૦માં આ આંકડો માત્ર ૨૩ અબજ ડોલર એટલે કે ૧,૭૧૦ અબજ રૂપિયા હતો. રિપોર્ટ અનુસાર, જથ્થાના સંદર્ભમાં, ૨૦૨૧માં ભારતની કુલ સોનાની આયાત ૧,૦૫૦ ટન હતી, જયારે ૨૦૨૦માં આ આંકડો ૪૩૦ ટન હતો. વર્ષ ૨૦૨૦ માં, કોરોનાને કારણે લાગુ કરાયેલ લોકડાઉન અને લગ્નો પર લાદવામાં આવેલા કડક નિયંત્રણોને કારણે, સોનાની આયાતમાં ઘટાડો થયો હતો.

## આણંદ જિલ્લામાં મેઘરાજાનું રૌદ્રરૂપઃ ૧૧ પશુનાં મોત, બોરસદમાં ૪ કલાકમાં ૧૧ ઈંચ

સૌથી વધુ બોરસદમાં ૧૧ ઇંચ, આંકલાવમાં ૩ ઇંચ, આણંદમાં સવા ઇંચ, ઉમરેઠમાં ૧ ઇંચ, ખંભાતમાં સવા ઇંચ, તારાપુરમાં પોણા બે ઇંચ, પેટલાદમાં પોણા બે ઇંચ અને સોજીત્રામાં અઢી ઇંચ જેવો વરસાદ ખાબક્યાનું નોંધાયું હતું. આણંદજી સાથે- સાથે ખેડા જિલ્લામાં પણ વરસાદી માહોલ જામ્યો છે. નડીયાદમાં ધોધમાર બે ઇંચ પાણી પડ્યું હતું. ગરનાળા છલકાઈ જતા વાહન ચાલકો અટવાયા હતા.(૨.૧૨)

## દિલ્હીમાં એલપીજી સિલીન્ડરનાં ભાવમાં રૂ.૧૯૮ ઘટાડો

વખતે વધારો કરાયો હતો. ૧૪.૨ કિગ્રા વજનનાં ઘરેલું ગેસ સિલીન્ડરનાં ભાવ ક્યાં શહેરમાં કેટલા છે એ જોઈએ. દિલ્હીમાં ભાવસપાટી રૂ.૧૦૦૩, મુંબઈમાં રૂ.૧૦૦૩, કોલકતામાં રૂ.૧૦૨૯, ચેન્નાઈમાં રૂ.૧૦૧૯, લખનૌમાં રૂ.૧૦૪૧, જયપુરમાં રૂ.૧૦૦૭, પટણામાં રૂ.૧૦૯૩, ઇન્દોરમાં રૂ.૧૦૩૧, અમદાવાદમાં રૂ.૧૦૧૦, પુણેમાં રૂ.૧૦૦૬ જેવો ભાવ થયો છે. ઘરેલું ગેસનાં ભાવમાં કોઈ વધારો કરાયો ન હોવાથી ગૃહિણીઓમાં ખુશાલી પ્રસરી છે. કેમકે છેલ્લા ત્રણ મહિનાથી ધસમસતા ભાવવધારાનાં બુલડોઝરને હવે બ્રેક લાગી છે.(૨.૧૨)

# મેઘરાજા હવે તો વરસો...સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમોમાં માત્ર ૨૨.૯૪% પાણી

## રાજ્યમાં ગયા વર્ષની ૧ જુલાઇની સરખામણીએ ૫૭૭.૫૦ એમ.સી.એફ.ટી. પાણી ઓછું : સમગ્ર ગુજરાતમાં એક માત્ર મહુવાનો બાગડ ડેમ આખો ભરેલો, નર્મદા ડેમમાં ૪૩.૭૧% પાણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)** રાજકોટ, તા. ૧

ગઇકાલથી અષાઢ માસનો અને આજથી જુલાઇ માસનો પ્રારંભ થઇ ગયો છે. એક પછી એક દિવસો વિતતા જાય છે પણ ચોમાસુ બરાબર જામતુ નથી. આજે અષાઢી બીજના શુકન સારા વરસાદથી થવાની આશા છે. વરસાદ ખેંચાતા ખેતી અને પીવાના પાણીની દષ્ટિએ ચિંતાના વાદળો ઘેરાવા લાગ્યા છે. સૌરાષ્ટ્રના ડેમોમાં હાલ કુલ જળ સંગ્રહ ક્ષમતાનું માત્ર ૨૨.૯૪ ટકા પાણી જ છે. રાજ્યમાં નર્મદા સહિત ૨૦૭ ડેમો પૈકી એક માત્ર ભાવનગર જિલ્લાના મહુવા પંથકનો બાગડ ડેમ આખો ભરેલો છે. બાકીના ડેમ અધૂરા છે. અમુકમાં તો તળિયા દેખાવાની સ્થિતિ છે. રાજ્યમાં સરેરાશ ૩૩.૧૩ જળ જથ્થો ઉપલબ્ધ છે.

રાજ્યમાં ૨૦૭ પૈકી સૌથી વધુ ૧૪૧ ડેમો સૌરાષ્ટ્રમાં છે. તે બધા ડેમોની કુલ જળસંગ્રહ ક્ષમતા પૈકી હાલ માત્ર ૨૨.૯ ટકા પાણી જ છે. ઉત્તર ગુજરાતના ૧૫ ડેમોમાં સરેરાશ ૧૧.૩૭ ટકા, મધ્યમાં ૩૧.૮૯ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૪૧.૯૭ ટકા અને કચ્છના ૨૦ ડેમોમાં ૧૮.૩૯ ટકા પાણી હયાત છે. ગુજરાતની જીવાદોરી ગણાતા નર્મદા ડેમમાં ૪૩.૭૧ ટકા પાણી ભરેલું છે. ગુજરાતમાં ગયા વર્ષની ૧ જુલાઇએ જેટલું પાણી ડેમોમાં હતું તેના પ્રમાણમાં આજે ૫૭૭.૫૦ એમ.સી.એફ.ટી. ઓછું છે.

વરસાદી માહોલ છે, ટુંક સમયમાં રાજ્યમાં સાર્વત્રિક ધોધમાર વરસાદથી નદી, તળાવો, જળાશયોમાં નવા નીરની નોંધપાત્ર આવક થવાની આશા છે.સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૩૬.૮૧ ટકા પાણી ભાવનગર જિલ્લામાં અને સૌથી ઓછું ૧.૨ ટકા પાણી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છે.

આજે સવાર સુધીની સ્થિતિએ રાજ્યમાં મોસમના કુલ વરસાદ પૈકી ૯.૪૧ ટકા વરસાદ પડયો છે. જૂનનો સરેરાશ વરસાદ અઢી ઇંચ જેટલો (૬૪.૨૨ એમ.એમ.) થયો છે. જુલાઇ - ઓગષ્ટ ચોમાસા માટે નિર્ણાયક મહિના છે.

**સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૩૬.૮૧ ટકા પાણી ભાવનગર જિલ્લામાં અને સૌથી ઓછું ૧.૨ ટકા પાણી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં**

**ક્યાં ઝોનમાં કેટલો જળજથ્થો ?**

| ઝોન | ડેમોની સંખ્યા | હાલ પાણી (ટકા) |
|---|---|---|
| ઉત્તર ગુજરાત | ૧૫ | ૧૧.૩૭ |
| મધ્ય ગુજરાત | ૧૭ | ૩૧.૮૯ |
| દક્ષિણ ગુજરાત | ૧૩ | ૪૧.૯૭ |
| સૌરાષ્ટ્ર | ૧૪૧ | ૨૨.૯૪ |
| કચ્છ | ૨૦ | ૧૮.૩૯ |
| કુલ | ૨૦૬ | ૩૩.૧૩ (સરેરાશ) |
| નર્મદા ડેમ | ૧ | ૪૩.૭૧ |

### જીનિયસ સ્કૂલ અને જય સ્કૂલ ખાતે પ્રેરણારૂપ આયોજન

# શિક્ષણવિદ્ ડી.વી. મહેતાના જન્મદિને ૮૧ યુનિટ રકતદાન



**મહામુલી માનવ જિંદગીઓ બચાવવા માટે રકતદાન પ્રત્યે જાગૃતિ કેળવવા પણ પ્રયાસ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧

રાજકોટના જાણીતા જીનિયસ ગ્રુપ ઓફ ઇન્ટિટયુશન્સના ચેરમેન ડી.વી. મહેતાનો જન્મદિવસ છેલ્લા ૨૨ વર્ષોથી રકતદાન કેમ્પના અયોજન થકી ઉજવવામાં આવે છે. તાજેતરમાં ડી.વી સરના જન્મદિવસના અનુસંધાને ફિલ્ડ માર્શલ બલ્ડ બેંકના સહયોગથી જીનિયસ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ અને જય ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે રકતદાન કેમ્પના આયોજન કરવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, સ્ટાફના સભ્યો, શાળા સંચાલકો અને મહાનુભાવોએ રકતદાન કરીને સામાજીક સેવામાં યોગદાન આપ્યું હતું.

આ બલ્ડ ડોનેશન કેમ્પમાં આવેલ રકતદાતાઓએ ૮૧ યુનિટ રક્તનું દાન કર્યું હતું. જે ફિલ્ડ માર્શલ બલ્ડ બેંકને સોંપવામાં આવ્યું હતું કેમ્પમાં આવનાર સેવાભાવી રક્તદાતોઓ માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને આભાર વ્યક્ત કરવા આભારપત્ર આપવામાં આવ્યા હતા. જીનિયસ ગ્રુપના ચેરમેન ડી.વી. મહેતાએ આભાર માનતા જણાવ્યું હતું કે, જો લોકો તેમના જીવનનાં આવતા ખાસ દિવસોની ઉજવણી કોઈને કોઈ સમાજ ઉપયોગી કાર્ય થકી ઉજવે તો માનવ મુલ્યોનું ખરા અર્થમાં જતન થશે અને આવનારી પેઢીને પણ આવા સમાજ ઉપયોગી કાર્ય કરવાની પ્રેરણા મળશે.

રકતદાન શિબિરમાં શુભમ સ્કૂલના અવધેશભાઈ કાનગડ, ભુષણ સ્કૂલના પરિમલભાઈ પરડવા, મંગલમુર્તી વિદ્યામંદિરના નરેન્દ્રભાઈ ભાલોડીયા, સાંદિપની સ્કૂલના ઉર્વેશભાઈ પિપળીયા, આર.બી. વિદ્યાલયના વિનયભાઈ લોખીલ, શમસ વિદ્યાલયના એચ.એ નાકાણી, પાર્થ વિદ્યાલય પ્રાથમિક સ્કૂલના ચેતનભાઈ ટાંક, દેવગામના સરપંચ નિતિનભાઈ ડોબરીયા, નવરંગ નેચર ક્લબના વી. ડી. બાલા અને કે.એન. રહેવર હાયર સેકન્ડરી સ્કૂલના રઘુવિરસિંહ રહેવરે હાજરી આપીને રકતદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ રકતદાન કેમ્પના સફળ આયોજનમાં સીઇઓ ડીમ્પલબેન મહેતા, પ્રિન્સિપાલ જોયિતા ચૌધરી, વાઈસ પ્રિન્સિપાલ ચાર્મી સેદાણી, કાજલ શુકલ, પ્રિ-પ્રાયમરી હેડ ભુમિ ગઢવી, આઈટી હેડ પ્રમોદ જેઠવા અને સ્પોર્ટસ હેડ હરપાલસિંહ ચુડાસમાના માર્ગદર્શનમાં શિક્ષકો અને સ્ટાફના સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# શામ સેવા ફાઉન્ડેશન દ્વારા સ્કૂલ કીટનું વિતરણ

**શાળા પ્રવેશોત્સવ સમયે ધોળકા, બાવળા, સાણંદમાં સેવાકાર્ય**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧



ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન શામ સેવા ફાઉન્ડેશન અને ઓલ ઇન્ડિયા એમએસએમઈ ફેડરેશનના પ્રમુખ મગનભાઈ પટેલ દ્વારા રાજ્યની ૧૨થી વધુ શાળાઓમાં જરૂરિયાતમંદ બાળકોને આશરે ૬૦૦થી પણ વધુ સ્કૂલબેગ, સ્લેટ અને અન્ય શૈક્ષણિક કિટનું વિતરણ કરી ઉત્કૃષ્ટ સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું

અમદાવાદ જીલ્લાની ધોળકા, બાવળા, સાણંદ નળકાંઠાની શાળાઓમાં મુખ્યત્વે દેવધોલેરા પ્રાથમિક શાળા, રાજવાળા પ્રાથમિક શાળા,વનાળીયા પ્રાથમિક શાળા, મેટાલ પ્રાથમિક શાળા, દેવથલ પ્રાથમિક શાળા,નવાપરા દેવડથલ પ્રાથમિક શાળા, કાણોતર પ્રાથમિક શાળા, જીવનશાળા કેશરડી, પે સેન્ટર શાળા બલદાણા,ડુમાલી પ્રાથમિક શાળા,સાઢીંડા પ્રાથમિક શાળા આમ કુલ ૧૨ શાળાઓમાં આશરે ૬૦૦ શૈક્ષણિક કીટ જરૂરિયાતમંદ બાળકોને આપવામાં આવી હતી. આ ઉપરાંત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ નિમિતે બાવળા તાલુકાની ડુમાલી પ્રાથમિક શાળામાં ૧૫૦થી વધુ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે દેવધોલેરા ગ્રામ પંચાયતમાં તાજેતરમાં યોજાયેલ સમૂહ લગ્નમાં કન્યાદાનમાં ૧૧ દિકરીઓને પાનેતરનું દાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શામ સેવા ફાઉન્ડેશનનાં ઉપપ્રમુખ અંકુરભાઈ ભાલોડીયા તેમજ જીલ્લા અને તાલુકા પંચાયતનાં સરપંચો, બાવળા તાલુકાનાં ડીપીઓ લક્ષ્મીબેન ચૌહાણ, તાલુકા ઉપપ્રમુખ ગીરીશભાઈ ડાભી, સીઆરસી સંદિપભાઈ, આચાર્ય ભાનુબેન એમ.પટેલ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ૧લી જુલાઈઃ નેશનલ ડોકટર્સ ડે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧



**મેડિકલ ક્ષેત્રમાં નવી સિધ્ધિઓ અને સંશોધનો કરનારા ડોકટરોનું સન્માન કરવાનો દિવસ**

દર વર્ષે ડો. બિધાન ચંદ્ર રોયનાં જન્મદિવસે અને પુણ્યતિથિએ ભારતમાં ડોક્ટર દિવસ ઉજવાય છે. ડો. રોયનો જન્મ ૧ જુલાઇ, ૧૮૮૨નાં કલકતાના પટના શહેરમાં થયો હતો. તેઓ પ્રસિદ્ધ ચિકિત્સક હતા. તેમણે કોલકતા શહેરમાં જ પોતાનો મેડીકલનો અભ્યાસ પૂર્ણ કરીને તેમણે MRCP અને FRCS ની શિક્ષા લંડનમાંથી લીધી. ૧૯૧૧ના સમયમાં ભારતમાં ચિકિત્સક તરીકે ફરજ બજાવવાની શરૂઆત કરી. તેઓ પોતાનાં જીવનકાળ દરમિયાન બંગાળનાં મુખ્યમંત્રી પણ રહી ચુક્યા છે. તેમનું મૃત્યુ પણ ૧ જુલાઈ, ૧૯૬૨નાં રોજ થયું હતું માટે તેમની યાદમાં ભારતમાં ૧૯૯૧નાં સમયમાં ડોક્ટર દિવસ ઉજવવાની શરૂઆત થઈ હતી. ડોક્ટરી એક આદર્શ પ્રોફેશન મનાય છે માટે આ દિવસ મેડીકલ ક્ષેત્રમાં નવી સિદ્ધિઓ અને સંશોધનો કરનારા ડોકટરોનો સન્માન કરવા માટે છે. ડોક્ટર જીવન અને મરણ વચ્ચે સંઘર્ષ કરી રહેલા દર્દીઓની સારવાર કરીને તેમને નવજીવન આપે છે. આ જ કારણોસર તેમને ધરતી પરના ભગવાન કહેવામાં આવ્યા છે. કોરોનાકાળમાં જયારે આખા વિશ્વ પર ખતરો આવ્યો ત્યારે ડોકટરો જ આ પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ બન્યા. ૨૪ કલાક, ન સહી શકાય એવી પી.પી.ઈ કીટ પહેરીને એ સતત લોકોની સેવામાં રહ્યા. ઘણા પ્રેદેશોમાં તો લોકોની ચિકિત્સા કરવા આવી પહોંચેલા ડોકટર્સ પર લોકોમાં પુરતી સમજ ન હોવાને કારણે હુમલો પણ કરવામાં આવ્યો છતાં પણ તે પોતાની ફરજ ચુક્યા નથી. તે પોતાના પરિવાર જનોથી સતત દુર રહીને પુરેપરી શ્રદ્ધા સાથે દર્દીઓની સારવારમાં જ ધ્યાન આપતા રહ્યા છે. તેમના આ જ સમપર્ણને કારણે જ તેઓ સન્માન પામવા યોગ્ય છે.

**મિત્તલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# આટકોટની વિદ્યાવિહાર શાળામાં બાળસભા યોજાઈ



**(કરશન બામટા દ્વારા)** આટકોટ, તા.૧

આટકોટ વિદ્યાવિહાર પ્રાથમિક શાળામાં બાળસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં બાળકોએ નાટકો રાસ ડાન્સ કર્યો હતો. બે વર્ષ કોરોના હોવાથી કાર્યક્રમ બંધ હતા. હવે કોરોના હટતા બાળસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ એક થી આઠ સુધીના બાળકો દ્વારા નાટક ઠોઠ નિશાળિયા સહિતના નાટક ભજવાયું હતું શાળાના આચાર્ય અને શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**
**મો.9429787729**
**email:-saurashtrakranti@gmail.com**

## જસદણમાં ઈસ્કોન મંદિર દ્વારા કાલે જગન્નાથ ભગવાનની રથયાત્રા યોજાશે

**(ધર્મેશ કલ્યાણી દ્વારા)** જસદણ, તા.૧

ઈસ્કોન મંદિર જસદણ દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રા તા.૨ ને શનિવારે નીકળશે. ઈસ્કોન મંદિર જસદણ દ્વારા સૌપ્રથમ વખત રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રા તા. ૨ ને શનિવારે સાંજે ચાર વાગ્યે ચિતાલિયા રોડ ઉપર હરે કૃષ્ણ મંદિરથી શરૂ થઈને દામજી નગર, ગંગા ભુવન, પંચમુખી હનુમાન, કૈલાશ નગર, ગીતા નગર, મોતીચોક, શ્રીનાથજી ચોક, વેકરીયા ચોક, બજરંગ નગર, સરદાર ચોક થઈને હરે કૃષ્ણ મંદિરે પરત પહોંચશે. સાંજે રથયાત્રા હરે કૃષ્ણ મંદિરે પરત પહોંચ્યા બાદ ૮:૩૦ કલાકે મહા આરતી યોજાશે. તેમજ ૫૬ ભોગ અને પ્રસાદ વિતરણ યોજાશે. ૯ બાય ૧૨ ફૂટ પહોળા અને ૧૫ ફૂટ ઊંચા ભવ્ય રથમાં ભગવાન જગન્નાથજી બિરાજમાન થશે. વિવિધ ધાર્મિક મહોત્સવ નો લાભ લેવા મંદિરના વ્યવસ્થાપક ઘનશ્યામદાસ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મનપાને આવાસના હપ્તા પેટે રૂા.૧૬ કરોડથી વધુની આવાક

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧

મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ યોજનાઓ અંતર્ગત આજ દિન સુધીમાં ૩૧,૦૦૦ થી વધારે આવાસ બનાવીને લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ ઘર, મુખ્યમંત્રી આવાસ યોજના, BSUP - ૧,૨,૩, રાજીવ આવાસ યોજના, ગુરૂજીનગર, ધરમનગર, ૩૦૧૨, હુડકો, વામ્બે અને સફાઈ કામદાર આવાસ યોજનાઓનો સમાવેશ થાય છે.

આવાસ યોજના વિભાગ દ્વારા તા.૧/૪ થી તા.૩૦/૬ સુધીમાં રૂ. ૩૭,૯૦,૫૧,૦૫૦ (સાડત્રીસ કરોડ નેવુ લાખ એકાવન હજાર પચાસ પુરા)ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ.

જ્યારે તા.૧/૬ થી તા.૩૦/૬ સુધીમાં રૂ.૧૬,૬૦,૬૩,૯૭૬ (સોળ કરોડ સાઈઠ લાખ ત્રેસઠ હજાર નવસો છોતેર પુરા)ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ.

# જસદણઃ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના સિનિયર કર્મચારી નિવૃત્ત થયા



**(હુસામુદ્દીન કપાસી દ્વારા)** જસદણ, તા.૧ઃ જસદણ પીજીવીસીએલના સિનિયર કર્મચારી કે.પી. પરમાર નિવૃત્ત થતાં ભવ્ય વિદાયમાન અપાયું હતું. તેઓએ ખરાં અર્થમાં કર્મયોગી તરીકે કામ કરી. જેથી તેઓ ખાસ્સા લોકપ્રિય હતા. તેમનાં વિદાય સમારોહમાં ભારે હૈયે તેમને વિદાય આપવામાં આવી હતી. નિવૃત્તિ પ્રસંગે જણાવ્યું હતું કે, વીજ કચેરીની સેવા માટે ભલે હું નિવૃત્ત થતો હોવ પણ મારાં સંપર્કમાં આવેલ તમામ સાથે મારો નાતો આજીવન રહેશે.

## આદિ જિન યુવક ચેરી. ટ્રસ્ટ દ્વારા ટાટા મેમોરિયલ હોસ્પિટલને 'સી આર્મ' મશીન અનુદાન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧ઃ આદિ જિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓની સતત સેવાથી શકે તેવા હેતુથી ટાટા મેમોરિયલ ટ્રસ્ટને રૂ. ૩૫ લાખનાં આધુનિક મેડિકલ ઇક્વિપમેન્ટનું અનુદાન આપવામાં આવ્યું છે. આ ઇક્વિપમેન્ટ એક 'સી આર્મ' મશીન છે જેનો ઉપયોગ દર્દીની એન્ડોસ્કોપી કરવામાં થાય છે. જરૂરિયાતમંદ લોકો અને દર્દીઓ માટે સતત કાર્યરત એવા આદિ જિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટના જયેશભાઈ શાહ (જરીવાલા) (મો. ૯૯૨૦૪ ૯૪૪૩૩) ભરતભાઇ મહેતા (મો.૯૩૨૨૨ ૨૨૯૨૮), અશોકભાઈ લોઢા (મો.૯૮૨૦૨ ૭૪૬૨૦), હિતેશભાઈ સંઘવી (મો.૯૮૭૦૦ ૪૩૨૭૨) ખૂબ જ સરાહનીય કામગીરી કરી રહ્યા છે. તેમ જણાવ્યું છે.(૧.૮)

## રાજય સરકાર દ્વારા અમરેલી જીલ્લામાં ૧૨ એમ.બી.બી.એસ. બોન્ડેડ ડોકટરોની નિમણુંક કરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** અમરેલી, તા.૧



અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાના પ્રયાસોથી રાજય સરકાર દ્વારા અમરેલી જીલ્લાની વિવિધ હોસ્પિટલો/દવાખાનામાં ૧૨ એમબી.બી.એસ. બોન્ડેડ ડોકટરોને પ્રતિનિયુક્તિથી મુકવામાં આવ્યા છે. સાંસદએ અમરેલી જીલ્લામાં જીલ્લા મથકે તેમજ તાલુકા મથકે ઘટતા ડોકટરોની નિમણુંક કરવા બાબતે આરોગ્ય મંત્રીને લેખિત તેમજ રૂબરૂ રજૂઆત કરવામાં આવેલ હતી.

## આહવાની સરકારી માધ્યમિક શાળાના ગ્રંથપાલનો વય નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો



**(બાપુ મહાલા દ્વારા)** ડાંગ, તા.૧ઃ ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે કાર્યરત સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના એકમેવ ગ્રંથપાલ ડી.બી.મોરેનો વિદાય સમારંભ યોજાયો હતો.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

**RECRUITMENT**

**DESIGNATION**
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

**EXPERIENCE**
Experienced / Freshers

**WORKING HOURS**
8 Am To 6 Pm

**WALK IN INTERVIEW**
Monday to Saturday
10 am to 7 pm

**ADDRESS**
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

## સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા પ્રવૃતિઓનો વ્યાપ વધારવા નિર્ણય

# સૌરાષ્ટ્રમાં વેપાર-ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે એક્શન પ્લાન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

### ૫૧ વેપારીઓ અને ઉદ્યોગપતિઓની એક્ઝિક્યુટિવ કમિટી બનાવાશે, વિકાસ માટેના મુદ્દાઓની સરકારને અભ્યાસપૂર્ણ રજૂઆતો કરાશે

### વિકાસની સંભાવનાઓ જાણવા વિશાળ સંમેલન બોલાવાશે, વેપાર મેળા અને જોબફેરનો વ્યાપ વધારાશે

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળની પ્રવૃત્તિઓને વધુ પરિણામલક્ષી, વેગવાન અને વ્યાપક બનાવવાના હેતુથી એકશન પ્લાન બનાવી એક એકાવન વ્યક્તિઓની એક એક્ઝિયુટિવ કમિટી બનાવવામાં આવી રહી છે. આ કમિટીમાં વેપાર, ઉદ્યોગ, સેવા, અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રના લોકોનો સમાવેશ કરવામાં આવશે.

સૌરાષ્ટ્રના વેપાર ઉદ્યોગ અને ખેતીના વિકાસને લગતા અનેક મુદ્દાઓની અભ્યાસપૂર્ણ રજૂઆતો કરવામાં આવશે અને તે માટેના સેમિનાર પણ યોજવામાં આવશે. જેમાં એક્ઝિબિશન સેન્ટર નારિયેળીના વિકાસ માટેની યોજના, આઇટી પાર્ક, કન્ટેઇનર ડેપો, લઘુ ઉદ્યોગો માટે વસાહતો, સૌરાષ્ટ્ર વોટર ગ્રીડ યોજના, ઇલેક્ટ્રોનિક પાર્ક, ઓટો પ્રોડક્ટ માટે મોટા પ્રોજેક્ટ્સ, હાઈકોર્ટ બેન્ચ, રાજકોટમાં ઈન્ડેક્સબીની ઓફિસ, માઈનિંગ ઉદ્યોગના પ્રશ્નો, ટેક્સટાઇલ-ગારમેન્ટ પાર્ક સહિતના અનેક મુદ્દાઓની ચર્ચાઓ કરી અસરકારક રજૂઆતો કરવામાં આવશે. સૌરાષ્ટ્ર કચ્છ વિકાસ સંભાવનાઓ ઉપર એક વિશાલ સંમેલન પણ બોલાવવામાં આવશે.

એસ.વી.યુ.એમ.ના પેટ્રોન્સ અથવા એક્ઝિબિટર્સના સીઈઓ / ડાયરેક્ટર કે અન્ય ઉચ્ચ હોદ્દો ધરાવતી વ્યક્તિ કમિટીમાં જોડાવા માટે પાત્ર રહેશે. સંસ્થા દ્વારા ઇચ્છુક લોકોને જોડાવા માટે આમંત્રણ આપવામાં આવેલ છે. કમિટીના સભ્યનું કાર્ય સંસ્થાની પ્રવૃત્તિમાં તન-મન-ધનથી સહયોગ આપી સક્રિય ભૂમિકા ભજવવાનું રહેશે.

સંસ્થાની પ્રવૃતિઓથી વેપાર ઉદ્યોગ જગત અને સમાજને માહિતગાર કરવા એક ન્યુઝ લેટર એસ.વી.યુ.એમ.૨૦૦૧ થી ૨૦૨૧ પ્રસિદ્ધ કરવામાં આવશે જેમાં ૨૦૦૧ થી ૨૦૨૧ સુધીમાં એસ.વી.યુ.એમ દ્વારા સૌરાષ્ટ્ર વેપાર અને ઉદ્યોગો જગતના વિકાસ માટે કરેલા પ્રયાસોની વિગતોનો સમાવેશ કરવામાં આવશે.

સંસ્થા દ્વારા જે આંતર રાષ્ટ્રીય વેપાર મેળો છેડલા આઠ વર્ષથી યોજવામાં આવે છે તેની નવમી આવૃત્તિ તા.૧૬/૧૭/૧૮ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ યોજાશે. આ શો માં ૨૦૦ કંપનીઓના સ્ટોલ અને ૨૦૦ થી ૫૦૦ વિદેશી ડેલિગેટ્સને લાવવાનો ટાર્ગેટ નક્કી કર્યો છે.

રાજકોટ ઉપરાંત ગોંડલ, મોરબી, જામનગર, જેતપુર, સુરેન્દ્રનગર, ગાંધીધામ, ભાવનગર, જસદણ, આટકોટ, બાબરા, વાંકાનેર, થાનગઢ, સહિતની લગભગ ૩૦૦ જેટલી ફેક્ટરીઓની મુલાકાત કરી છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતના ૧૦૦ જેટલા વેપારી સંગઠનોને સહયોગી સંગઠન તરીકે જોડાવા પત્ર લખ્યો છે. વેપાર મેળામાં આયુર્વેદ અને પ્રાકૃતિક સારવાર એગ્રિકલચર, એગ્રો અને ફૂડ પ્રોડકટ્સ તથા મશીનરી ગાર્મેન્ટસ અને ટેક્સટાઇલ્સ, હેલ્થ કેર અને બ્યુટી કેર, સીરામીક અને સેનેટરીવેર, ઓટો પાર્ટસ અને એન્જીનીયરીંગ, ફાર્મિંગ અને એગ્રિકલચર ઇકવીપમેન્ટ્સ, વોટર અને ઈરીગેશન સિસ્ટમ, મેડિકલ ટુરિઝમ, બિલ્ડીંગ મટીરીયલ અને હાર્ડવેર, બાથ ફીટીંગ્સ અને સેનેટરી ફીટીંગ્સ, સોલાર અને રિન્યુએબલ એનેર્જી, માઇનિંગ એન્ડ બોરિંગ, ઇમિટેશન જવેલરી, હાઉસ હોલ્ડ અને કિચનવેર ઇન્ફોર્મેશન ટેકનોલોજી, એજ્યુકેશન સહિતના સૌરાષ્ટ્ર કચ્છના લગભગ તમામ ઉદ્યોગોને લાભ મળી શકે છે.

આ ટ્રેડ શો દરમ્યાન ૧૦ એવોર્ડ્સ ફોર એક્સેસલેન્સ આપવામાં આવશે, એક જોબ ફેરનું આયોજન પણ કરવામાં આવશે. વેપાર ઉદ્યોગને લગતા સેમિનાર પણ વિવિધ તબક્કે યોજવામાં આવશે.

એસ.વી.યુ.એમ.સૌરાષ્ટ્ર કચ્છની એક માત્ર એવી સંસ્થા છે. જે અભ્યાસપૂર્ણ રજૂઆતો અને કાર્યો કરે છે, ભવિષ્યની ચિંતા સાથે આયોજન પણ વિચારે છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની આગવી ઓળખ અને

સફળતા પ્રાપ્ત કરી છે. તેમ સ્થાપક ટ્રસ્ટીઓ પરાગ તેજૂરા, પદુભાઇ રાયચુરા (પોરબંદર) સુરેશ તન્ના (જામનગર) ભુપતભાઇ છાટબાર માર (રાજકોટ) મહેશ નગદિયા (અમરેલી) ધર્મેન્દ્ર સંઘવી (સુરેન્દ્રનગર) તથા પ્રભુદાસભાઈ તન્ના (રાજકોટ) એ જણાવ્યું છે. તેમની આગેવાની હેઠળની કમિટી સક્રિય ભૂમિકા ભજવી રહી છે. આ કમિટીમાં કેતન વેકરીયા, ઈલિયાસ શેખ, ભાવેશ ઠાકર, મયુર ખોખર, દેવેન પડિયા, દિનેશભાઇ વસાણી, નિશ્ચલ સંઘવી તીર્થ મકાતી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

---

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તથા આર્ય શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે**

# 'આદિવાસી ઉત્કર્ષમાં પ્રમુખસ્વામી મહારાજનું પ્રદાન' વિષય પર સેમિનાર યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

સુરત, તા.૧



વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે તેમના બહુપરિમાણીય વ્યક્તિત્વને જુદા-જુદા દષ્ટિકોણથી મૂલવતી અને તેઓના દિવ્ય જીવન કાર્યને અર્ધ્ય આપતી વિવિધ કાર્યક્રમોની શૃંખલાઓ સમગ્ર વિશ્વમાં પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી ચાલી રહી છે.

સૌના ભલામાં આપણું ભલું એવી જીવન ભાવના સાથે ભારતીય સંસ્કૃતિના પ્રચંડ ઉદઘોષ કરવાના કાર્યથી લઇને આદિવાસી ઉત્કર્ષ માટે ૧૯૭૨ થી જીવનપર્યંત ગુજરાતના ડુંગરાળ અને આદિવાસી પ્રદેશોમાં, અંતરિયાળ ગામોમાં ઝુંપડે ઝુંપડે ઘૂમીને સત્સંગ મંડળોની સ્થાપના દ્વારા પ્રમુખસ્વામી મહારાજે આદિવાસી ભાઇઓના જીવન આમૂલ પલટી નાખ્યાં છે.

વહેમ અને વ્યસનોની ચુંગાલમાંથી છોડાવી સદાચારી બનાવ્યા છે. જીવનમાં કલહ-કંકાસના સ્થાને આજે ભક્તિની મધુર ગીત સરવાણીથી ગુંજતા કર્યા છે. તેમણે કરેલાં આવાં કંઇ કેટલાય આદિવાસી સંસ્કાર ગંગાના ઉત્કર્ષના અદ્વિતીય પ્રદાનને લક્ષ્યમાં રાખીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આદિવાસી ઉત્કર્ષમાં પ્રમુખસ્વામી મહારાજનનું પ્રદાન એ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. કિશોરસિંહ એન. ચાવડા, વકતા તરીકે બીએપીએસ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના વેદાંતાચાર્ય પૂ. જ્ઞાનનયનદાસ સ્વામી, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, સુરતના પૂ. ઉત્તમપ્રકાશદાસ સ્વામી, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના દર્શન વિભાગાધ્યાક્ષ ડો. પૂ. આત્મતૃપ્તદાસ સ્વામી તેમજ આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામક, પ્રો. ડો. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગાન તેમજ દીપપ્રાગટ્યથી થઈ હતી. ત્યારબાદ શ્રી પ્રમુખસ્વામી મહારાજની આયોજનશકિત, નિર્ણયશક્તિ તથા દૂરંદેશિતાથી તેમણે કરેલાં વિવિધ માનવ ઘડતરલક્ષી કાર્યોની સ્મૃતિ વીડિયોના માધ્યમથી કરાવાઈ હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એચ. આર. ડી.ના કન્વીનર ડો. ભાવેશભાઈ વાણપરિયાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી તુલસીછોડ આપી સ્વાગત કર્યું હતું. આદિવાસી ઉત્કર્ષમાં પ્રમુખસ્વામી મહારાજનનું પ્રદાન વિષયક વકતવ્ય રજૂ થયા હતા.

---

**સિદ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ-ઉપલેટા અને રોજગાર વિનિમય કચેરીના સંયુકત ઉપક્રમે**

# ઉપલેટા ખાતે કાલે રોજગાર ભરતી મેળો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

લોઢિયા-વાડી ઉપલેટા ખાતે તા.૨/૭/૨૨ને શનિવારના રોજ રાજકોટ જિલ્લાના ૧૫થી વધારે નોકરી દાતાઓ ઉપસ્થિત રહી ધોરણ ૧૨ થી સ્નાતક કક્ષાના ૫૦૦થી વધુ ખાલી જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરશે. ઉમેદવારો એ પોતાની શૈક્ષણિક વિગતો, આધાર કાર્ડની નકલ અને પોતાના રિજ્યુમ સાથે સ્વખર્ચે સવારે ૯ થી ૧ વચ્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. તેમ મદદનીશ નિયામક રોજગાર કચેરીની યાદીમાં જણાવ્યું છે.

---

# સીસીડીસી દ્વારા જી.પી.એસ.સી. કલાસ ૧ અને ૨ ની બીજી જનરલ બેચ માટેનાં પ્રિલીમ્સના કોચિંગ વર્ગોનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧




સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સીસીડીસી મારફત જુદી - જુદી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની સચોટ તાલીમ અને તજજ્ઞ નિષ્ણાંતોના માધ્યમથી કરવામાં આવે છે. તાજેતરમાં જી.પી.એસ.સી. વર્ગ ૧-૨ ની પરીક્ષાઓ જી.પી.એસ. સી.ના જાહેર કરાયેલા કેલેન્ડર મુજબ યોજાવાની છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સીસીડીસી દ્વારા તા. ૧૧-૦૭-૨૦૨૨ ને સોમવારથી સવારના સમયમાં જી.પી.એસ.સી. કલાસ ૧ અને ૨ ની બીજી જનરલ બેચનું પ્રિલીમ્સનાં તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ વર્ગમાં જી.પી.એસ.સી. વર્ગ ૧-૨ ની વિવિધ જગ્યાઓ માટેના અભ્યાસક્રમ જનરલ સ્ટડીઝના પ્રિલીમ્સનાં સિલેકટેડ વિષયો જેવા કે, ભારતનું બંધારણ, ભારતનો ઈતિહાસ અને ભૂગોળ, અર્થશાસ્ત્ર, મેથ્સ અને રીઝનીંગ, સાંસ્કૃતિક વારસો વગેરેની સઘન તાલીમ આપવામાં આવશે.

આ તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારો તા. ૦૮-૦૭-૨૦૨૨ સુધીમાં ગ્રાઉન્ડ ફ્લોર, સી.સી.ડી.સી. બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, ગ્રેજ્યુએશન માર્કશીટ, આઈ.ડી. પ્રૂફ અને લીવીંગ સર્ટિફિકેટ સાથે લાવવાનું રહેશે.

---

# સંભારણા

## Quick Heal-part 2

કૈલાશ કાટકરનું નામ હાર્ડવેર રિપેર માટે પ્રખ્યાત થયું એ આપણે ગયા અઠવાડિયાના લેખમાં વાંચ્યુ. હવે આગળ..

પોતાનું શિક્ષણ અધૂરું છોડ્યું પણ ભાઈ બહેનને ઉચ્ચતમ શિક્ષણ આપ્યું. નાનો ભાઈ સંજય હોશિયાર હતો. તેણે મોડર્ન કોલેજમાં કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં પ્રવેશ લીધો. આખો દિવસ કોલેજ કરીને સાંજે મોટાભાઈને કામમાં મદદ કરતો હતો.

તે સમયે વાયરસ એક નવો કેસ હતો. જેમ લોકો ચેપી રોગથી બીમાર પડે છે તેમ કમ્પ્યુટર ચોક્કસ પ્રોગ્રામના સંપર્કમાં આવવાથી બીમાર પડે છે. પછી બીમારીથી બચવા માટે એન્ટિવાયરસ નામની રોગ પ્રતિબંધકારક દવા આપવી પડે છે જેનું નામ છે એન્ટિવાયરસ..

વાયરસથી સંક્રમિત મોટાભાગના કમ્પ્યુટર્સ પુણેમાં કૈલાશની દુકાનમાં સમારકામ માટે આવતા હતા. પરંતુ તે સોફ્ટવેરની બાબત હતી તેમાં હાર્ડવેર વાળો શું કરી શકે? તે જ સમયે કૈલાશ કાટકરના મનમાં વિચાર આવ્યો કે આ એન્ટિવાયરસ બિઝનેસ ઘણી કમાણી કરશે. તેણે તેના ભાઈને એક ખાસ કમ્પ્યૂટર આપ્યું. સંજય એ તેના એક ઓરડાના ઘરમાં એન્ટિવાયરસ બનાવવાનું શરૂ કર્યું. દોઢ વર્ષ લાગ્યો. પણ એક મરાઠી માણસે પોતાનો એન્ટિવાયરસ બનાવ્યો. તેનું નામ આપવામાં આવ્યું **'Quick Heal'** વર્ષ હતું ૧૯૯૫..



લેખિકાઃ પુનમ શાહ -મુંબઈ.



સંજય એ પોતે આ એન્ટી વાયરસનો લોગો ડિઝાઇન કર્યો, પેકેજીંગ બનાવ્યું. કૈલાશએ પોતાની પ્રોડક્ટ કંપનીના દરવાજે-દરવાજે ફરીને વેચવાનું શરૂ કર્યું. કમ્પ્યૂટરમાં ડેટાનો નાશ કરનાર વાયરસની સામે લડવા એન્ટિવાયરસની કેટલી જરૂર છે તે સમજાવીને કહેતા તેમના નાકે દમ આવી જતો હતો પરંતુ તેમણે હાર માની નહીં..

તે સમયે પુણેમાં ઘણી આઈટી કંપનીઓ શરૂ થઈ રહી હતી. **IT** પાર્ક બની રહ્યો હતો. આમ બધી જૂની અને નવી કંપનીઓને વિદેશી એન્ટિવાયરસ કરતા વધુ સારો અને સસ્તો એવો દેશી એન્ટિવાયરસ માફક આવી ગયો. **'Quick Heal Antivirus'** સાથે અનેક કંપનીએ કરાર કર્યો.

તે સમયે આફ્ટર સર્વિસ પણ ખૂબ મહત્વની હતી. કૈલાશએ ખંતપૂર્વક પોતાના ગ્રાહકોને સાચવ્યા. પુણેની સાથે સાથે તેમણે નાશિક અને મુંબઈમાં પણ પોતાની ટીમ બનાવી. વિવિધ શહેરોમાં મુસાફરી કરવાથી પણ ફાયદો થયો. ટફ સ્પર્ધા દરમિયાન પણ ગુણવત્તાયુક્ત **Quick Heal** નો વિકાસ થયો. મંગળવાર પેઠમાં આવેલી નાનકડી ઓફિસને એક લાખ સ્કવેર ફીટની જગ્યામાં રૂપાંતરિત કરવામાં આવી.

આજે **Quick Heal** ભારતીય છે, પુણેમાં બન્યું છે, આ વાત પર કોઈને વિશ્વાસ આવે? જ્યાં ૧૩૦૦ થી વધારે કર્મચારીઓ કામ કરે છે. માત્ર ભારતમાં જ નહીં પણ વિદેશમાં પણ ઓફિસેસ બનાવી છે. ૮૦ થી વધારે દેશના કમ્પ્યુટર્સમાં આ એન્ટિવાયરસ ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે.

અને આ તમામ સામ્રાજ્ય એક મરાઠી ઉદ્યોગસાહસિકે, મરાઠી માધ્યમમાં ભણીને, દસમા ધોરણ પછી શાળા છોડીને ઉભુ કરી બતાવ્યું છે.

---

# સમસ્ત મહાજન દ્વારા શૈક્ષણિક સહાય



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

સમસ્ત મહાજન દ્વારા શૈક્ષણિક સહાય યોજના અંતર્ગત ઝુંપડપટ્ટીના ૪૦૦ જેટલા બાળકોને ચોપડા, બોલપેનનું વિતરણ ડે. મેયર ડો. દર્શીતાબેન શાહના હસ્તે વિતરણ કરાયું હતું.

આ આયોજનમાં એનિમલ વેલ્ફેર બોર્ડના મેમ્બર અને સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઇ શાહના માર્ગદર્શ હેઠળ મિતલ ખેતાણી, કુમારપાળ શાહ, પ્રતિક સંઘાણી, કેતન સંઘવી વગેરેએ જહેમત ઉઠાવી હતી. વ્યવસ્થામાં સેવાભાવી મનીષભાઇ પરીખનો વિશેષ સહયોગ મળેલ.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

---

# સંતશ્રી વેલનાથ જન્મ જયંતિ નિમિતે દિવ્ય રથયાત્રાનું શહેર કોંગ્રેસ દ્વારા સ્વાગત કરાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

ચુંવાળીયા કોળી (ઠાકોર) વિદ્યાર્થી ભુવન અને બોર્ડીંગ દ્વારા આયોજિત સંતશ્રી વેલનાથ જન્મ જયંતિ ઉત્સવ નિમિતે બહુમાળી ભવન ચોક ખાતે દિવ્ય રથયાત્રાનું શહેર કોંગ્રેસ દ્વારા સ્વાગત કરાયું. આ તકે શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપ ત્રિવેદી, કાર્યકારી પ્રમુખ સંજય અજુડિયા, મનપાના વિપક્ષી નેતા ભાનુબેન સોરાણી, પ્રદેશ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, ડો. હેમાંગ વસાવડા, દિનેશભાઈ મકવાણા, દિપ્તીબેન સોલંકી, સુરેશભાઈ બથવાર, રાજદીપસિંહ જાડેજા, જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ અલ્પેશભાઈ સાધરિયા, વોર્ડ પ્રમુખ કેતનભાઈ તાળા, ચંદ્રિકાબેન વરાણીયા, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આશવાણી, ઠાકરસીભાઈ ગજેરા, કનકસિંહ જાડેજા, અજીતભાઈ વાંક, અશોકસિંહ વાઘેલા, દીપભાઈ ઓડેદરા, રામજીભાઈ વસોયા સહિતના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા તેવું કોંગ્રેસ કાર્યાલય મંત્રીની યાદીમાં જણાવાયું છે.

---

# 'આપ' નું વિશાળ સંગઠનઃ વિધાનસભા ક્ષેત્રથી પ્રદેશ કક્ષા સુધી ૬૦૯૮ નવા હોદ્દેદાર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ વખત ઝંપલાવનાર આમ આદમી પાર્ટી દ્વારા જોરશોરથી તૈયારી કરવામાં આવી રહી છે અને ગામડાથી માંડીને મહાનગર સુધી સંગઠન તૈયાર કરવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે આજે સંગઠન નિમણુંકોની બીજી યાદી જાહેર કરવામાં આવી છે. જીલ્લાથી માંડીને પ્રદેશ કક્ષા સુધી ૬૦૯૮ સંગઠન હોદેદારોની નિયુક્તિ જાહેર કરવામાં આવી છે.

વશરામ સાગઠીયાને પ્રદેશના સંયુક્ત મંત્રી બનાવવામાં આવ્યા છે. રાજકોટના અન્ય કેટલાક આગેવાનોને પણ સ્થાન આપવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રભારી ડો. સંદીપ પાઠક ના માર્ગદર્શન હેઠળ પ્રદેશ ચૂંટણી પ્રભારી ગુલાબસિંહ યાદવ અને રાષ્ટ્રીય જોઈન્ટ સેક્રેટરી ઈશુદાન ગઢવી અને ઈન્દ્રનીલ રાજયગુરૂની દેખરેખ હેઠળ નવી સંગઠન યાદીની જાહેરાત કરવામાં આવી હતી. ઈન્દ્રનીલ રાજયગુરૂએ વાતચીતમાં જણાવ્યું હતું કે સંગઠનની બીજી યાદીમાં ૬૦૯૮ આગેવાનોને હોદા આપવામાં આવ્યા છે. પ્રદેશ કક્ષાએ ૧૪૮ લોકસભા મતક્ષેત્રમાં ૫૩ જીલ્લા સમીતીમાં ૧૫૦૯ તથા વિધાનસભા મતક્ષેત્ર દીઠ ૪૪૮૮ કાર્યકરોને જવાબદારી સોંપવામાં આવી છે. રાજકોટના કોર્પોરેટર વશરામ સાગઠીયાને પ્રદેશ સહમંત્રી બનાવવામાં આવ્યા છે. આમ આદમી પાર્ટીના આ નવા મહાજંબો સંગઠનથી રાજકીય પક્ષો તથા કાર્યકરોમાં પણ અનેકવિધ તર્કવિતર્કો વ્યક્ત થવા લાગ્યા છે. પ્રથમ યાદીમાં પણ મોટી સંખ્યામાં નિમણુંકો આપવામાં આવી હતી અને આ વખતે ૬૦૯૮ સંગઠન નિમણુંકો થઈ છે.

### ભારતમાં વાહન વ્યવહાર ક્ષેત્રે નાગરિકોને ફેસલેસ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં ગુજરાત પ્રથમ

# RTOનાં ધક્કા થશે ઓછા, ૮૦ ટકા સેવાઓ મળશે ઘરબેઠા ઓનલાઇન




**આધાર કેવાયસી થકી લાયસન્સ સંબંધિત ૮ ફેસલેસ સેવાઓ આગામી સમયમાં ચાલુ કરવા કવાયત**

**આર.ટી.ઓ.ના આધુનિકરણના પગલે રૂબરૂ આવતા અરજદારોની સંખ્યામાં ૫૦ ટકા ઘટાડો થવાની ધારણા**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

ડિજિટલ ગુજરાત થકી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત તમામ ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને વાહન વ્યવહારમંત્રી પૂર્ણેશભાઈ મોદીના માર્ગદર્શનમાં આગવી પહેલ કરીને નાગરિકોને આરટીઓ કચેરીઓના ધક્કા ન ખાવા પડે અને અન્ય પર નિર્ભર ન રહેવું પડે તે માટે વિવિધ ડિજિટલ સેવાઓ થકી પારદર્શી અને પેપરલેસ ગવર્નન્સનું ગુજરાતે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

વાહન વ્યવહાર કચેરીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી તમામ સેવાઓ પૈકી અંદાજે ૮૦ ટકા સેવાઓ ઓનલાઈન ફેસલેસ પૂરી પાડવામાં આવશે. જેથી આરટીઓ કચેરી ખાતેની સેવાઓ માટે નાગરિકોની રૂબરૂ મુલાકાતમાં ૫૦ ટકા જેટલો ઘટાડો થશે, જેથી સમય-સંસાધનોની બચત થશે તથા સેવાઓ ઝડપથી અને સરળતાથી મળી રહેશે. ભારતમાં સૌપ્રથમ વાહન વ્યવહાર ક્ષેત્રે ફેસલેસ સેવાઓની શરૂઆત ગુજરાત રાજ્યમાં કરવામાં આવી છે. ગુજરાતમાં હાલમાં વાહન વ્યવહાર ક્ષેત્રે મહત્વની કુલ ૭ સેવાઓ નાગરિકો માટે ઘરે બેઠા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેમાં હવે વધારા સાથે રાજ્યની વાહન વ્યવહાર કચેરી દ્વારા વર્ષ ૨૦૧૭થી વેબ આધારિત સોફ્ટવેર વાહન ૪.૦ અને સારથી ૪.૦ જેવા ઓનલાઈન પોર્ટલનું અમલીકરણ કરીને નાગરિકોને ઘરેબેઠાં જ દસ્તાવેજો અપલોડ કરવાની અને ઓનલાઈન ફી ભરવા સહિતની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

જેમાં, વાહન ૪.૦ પોર્ટલ મારફતે ઇ-એન.ઓ.સી., ઇ-પેમેન્ટ, ઇ-ઓકશન અને ઇ-ડેટા થકી વાહનનો નોંધણી નંબર, ફી, એપ્રુવલ, ઓનલાઇન અરજીનું સ્ટેટસ તેમજ તેની SMS દ્વારા જાણ જેવી સુવિધાઓ નાગરિકોને મળી રહી છે. જ્યારે સારથી ૪.૦ની મદદથી ડ્રાઇવિંગ લાયસન્સ મેળવવાની પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બની છે. ડિજિટલ ઇન્ડિયા પહેલ અંતર્ગત આ પોર્ટલ મારફતે આરટીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની જુદી જુદી ફી-ટેક્સ ઓનલાઇન ભરી શકાય છે.

ગુજરાતમાં લાયસન્સ સંબંધિત વધુ ૧૨ સેવાઓ અને વાહન સંબંધિત ૮ સેવાઓ આધાર E-KYC થકી ફેસલેસ સેવાઓ પૂરી પાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જેમાં અરજદાર દ્વારા રજૂ કરેલ આધાર નંબરને આધીન ઓનલાઈન ફી અને દસ્તાવેજો અપલોડ કરી અરજી સબમિટ થયેથી આરટીઓના ફેસલેસ કાઉન્ટર પરથી અરજદારને સીધી સેવા પુરી પાડવામાં આવશે. જેથી અરજદારને કચેરી ખાતે આવવાનું રહેશે નહીં.

વધુમાં, વાહનના નંબરની હરાજીની આવક પણ મહત્વની હોવાથી આ કામગીરી ઇ-ઓકશન પદ્ધતિથી કરવામાં આવે છે, જેનાથી વાહન ચાલકોને પોતાના મનપસંદ નંબર મળવા સહિતની કામગીરીમાં વધુ ઝડપ અને પારદર્શકતા આવી છે તેમ વાહન વ્યવહાર કમિશનર દ્વારા જણાવાયું છે.

## 'આપ'ના પૂર્વ જિલ્લા પ્રમુખ તેજસ ગાજીપરાની જોઇન્ટ સેક્રેટરી સહમંત્રી તરીકે નિમણૂંક



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

આમ આદમી પાર્ટી રાજકોટ જિલ્લામાં પાયાના પથ્થર અને બે ટર્મથી રાજકોટ જિલ્લા પ્રમુખ તરીકે સંગઠનને નવી ઊંચાઈ પર લઈ જનાર પૂર્વ જિલ્લા પ્રમુખ તેજસભાઈ ગાજીપરાને ગુજરાત પ્રદેશ આમ આદમી પાર્ટી મેઈન વિંગમાં જોઈન્ટ સેક્રેટરી સહમંત્રી તરીકેનું સ્થાન મળવા બદલ રાજકોટ જીલ્લા ટીમ તાલુકા ટીમ અને જીલ્લાના તમામ હોદેદારો, કાર્યકર્તાઓ, શુભચિંતકો દ્વારા તેજસભાઈ ગાજીપરા (મો. નં. ૯૯૨૫૦ ૧૬૧૦૯) પર શુભેચ્છાઓ અને અભિનંદનની વર્ષા થઈ રહી છે.(૧૩)

**મનપા દ્વારા કાલે વોર્ડ નં.૪, ૫ અને ૬માં ૮માં તબક્કાના સેવાસેતુનો કાર્યક્રમ યોજાશેઃ સેવાસેતુના કાર્યક્રમનો લાભ લેવા શહેરીજનોને અનુરોધ કરતા પદાધિકારીઓ અને મ્યુ. કમિશનર**

### ડો.શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ અંતર્ગત આયોજીત મહારક્તદાન કેમ્પ સંપન્ન

# ૬ કલાકના રકતદાન કેમ્પમાં ૧૭૫૭ બોટલ રકત એકત્ર



**૮૦૦૦થી વધુ લોકોએ કેમ્પની મુલાકાતેઃ વિવિધ ક્ષેત્રના મહાનુભાવોની ખાસ ઉપસ્થિતમાં કેમ્પ યોજાયો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

રાજકોટ શહેર ભાજપે વોર્ડ નં. ૧૧ તથા શ્રી મારુતિનંદન મંદિર ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ અંતર્ગત ભવ્ય રકતદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતું. થેલેસેમિયાથી પીડાતા બાળકો અને જરૂરીયાતમંદો માટે તા. ૨૯ને બુધવારે સવારે ૭ કલાકથી બપોરે ૪ વાગ્યા સુધી સોરઠીયા પરિવારની વાડી મવડી બાયપાસ રોડ રાજકોટ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું,

આ મહામુલા અવસરનું દીપ પ્રાગટય સવારે ૧૦ વાગ્યે પુજય સદગુરૂ સ્વામી અને સંપ્રદાયના વિદ્વાન સંત ડોકટર સ્વામી શ્રી યોગેશ્વર સ્વામી, ન્યાલ્કરણ સ્વામી, પ્રભુ ચરણ સ્વામી, સાધુ જીવન સ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું, આ સમારોહમાં અતિથિવિશેષ તરીકે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલ એ અંતર ના આશીર્વાદ પાઠવી સેવાના કાર્યને બિરદાવી સંદેશ પાઠવ્યો હતો. તેમજ વિશેષ અતિથી તરીકે ડો. ભરતભાઇ બોઘરા, રામભાઇ મોકરીયા, ગોવિંદભાઇ પટેલ રાજુ ભાર્ગવ પો.કમિશનર, રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઇ બોદર, કમલેશભાઇ મીરાણી, પ્રદેશ ભાજપ પ્રમુખ કિશનભાઇ ટીલવા અધ્યક્ષ શ્રી સૌરાષ્ટ્ર SPG જશ્મીન પીપળીયા, યતીન ભાઈ રોકડ, યુધ્ધ એજ કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટમાંથી નિકુંજભાઈ દોંગા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, રાજુભાઇ સોરઠીયા પ્રમુખ મારુતિનંદન મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ, મગનભાઇ સોરઠીયા - કોર્પોરેટર વિનુભાઇ સોરઠીયા કોર્પોરેટર, ખોડાભાઇ સોરઠીયા પ્રમુખ સોરઠીયા પરિવાર. નવલભાઇ મેઘાણી પ્રમુખ મેઘાણી પરિવાર, જયેશભાઇ હરસોડા પ્રમુખ હરસોડા ઉપસ્થિત રહ્યા હતા.

આ એકત્રિત થયેલ રકત બોટેલના માધ્યમથી મહાનુભાવોના આગેવાનીમાં યુવા ભાજપ ગુજરાત પ્રદેશના અધ્યક્ષ ડો, પ્રશાંત કોરાટની રકતતુલા કરવામાં આવી હતી.

આ મહારકતદાન કેમ્પમાં વિવિધ બ્લડ બેન્ક સેવા આપી હતી. આયોજનમાં યુવા ભાજપ વોર્ડ નં.૧૧ પ્રમુખ અંકિત સોરઠીયા, વિશાલભાઈ સોરઠીયા, રાજુભાઈ સોરઠીયા, ધીરૂભાઈ સોરઠીયાએ સમગ્ર કાર્યક્રમને રંગ રૂપ આપ્યા હતા. મંદિરના ટ્રસ્ટી નેમીશ તંતી, કિશન સોરઠીયા સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

## માણાવદરઃ શાક માર્કેટમાં પ્લાસ્ટીક ઝબલાના વપરાશ પર પ્રતિબંધ

(ગીરીશ પટેલ દ્વારા)

**શાક માર્કેટ એસોસિએશનની પર્યાવરણ બચવા ઝુંબેશ**

માણાવદર, તા.૧

માણાવદરમાં શાક માર્કેટ એસોસિએશન દ્વારા પ્લાસ્ટીક ઝબલા સહિત અનેક વસ્તુ ઉપર પ્રતિબંધ લગાવ્યા છે. તે હવે શાકભાજીમાં પ્લાસ્ટીક ઝબલા વાપરશે નહિ અને ગૃહકોને આપશે નહિ. જે પહેલને આવકારવા લાયક છે એક શાકભાજી વેચવાવાળા લોકોને પર્યાવરણ અને પશુઓની ચિંતા છે. પ્લાસ્ટીક ઝબલામાં ગમે તે વસ્તુ ભરી ગમે ત્યાં ફેંકી દેવાની ટેવના કારણે પશુઓ ખાવાની વસ્તુ સાથે ઝબલા પણ ખાય જાય હોય છે. જે અસહ્ય પીડા પશુઓને થાય છે. માટે પ્લાસ્ટીક ઝબલા બંધ કરી પર્યાવરણ પશુઓને નુકશાન થતી બચાવવા ઝબલાનો વપરાશ આજથી



બંધ કરેલ છે.

લોકોને અપીલ કરાય છે કે, હવે કાપડની થેલીનો જ ઉપયોગ કાયમી કરો. જેથી પર્યાવરણ-પશુ, માનવ જીંદગીના આરોગ્ય સાથે થતાં ચેડા બંધ થશે શાક લેવા જાવ તો કાપડ થેલી ફરજીયાત છે ઝબલા મળશે નહીં. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

## અષાઢી બીજના પાવન પર્વની સર્વે ગ્રામજનોને શુભેચ્છા પાઠવતા ભૂપતભાઈ બોદર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદરએ રાજકોટ જિલ્લાના સર્વે ગ્રામજનોને અષાઢી બીજના પાવન પર્વની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે અષાઢી બીજ એ રથયાત્રાનું મંગલ પર્વ છે. દર વર્ષે જગન્નાથપુરી- ઓરીસ્સામાં રથયાત્રા ધામધૂમથી નીકળે છે. ભારતીય સંસ્કૃતિમાં હિન્દુ તહેવારોનું અનેરૂ મહત્વ છે. અષાઢી અમાસને દિવાસા તરીકે ઉજવવામાં આવે છે. દર વર્ષે આ દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને



બહેન સુભદ્રાની મૂર્તિને ત્રણ ભવ્ય રથોમાં પધરાવીને ભવ્યાતિભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે. આ ત્રણેય રથોને હજારો મનુષ્યો ભકિતભાવથી ખેંચે છે અને ધન્યતા અનુભવે છે. ત્યારે ખરેખર તો જગન્નાથપુરીમાં પ્રભુના રથને તો લોકો જનકપુરીથી ખેંચીને મંદિરે પહોંચાડે જ છે. પણ આ પાવન પર્વના દિવસે આપણે પોતાના જીવનરથને પ્રભુ સુધી લોકસાહીત્યકારોએ પોતાની રચનાઓમાં અષાઢ મહિનાને ખૂબ ખૂબ બિરદાવ્યો છે. અષાઢ મહિનામાં મેઘરાજાની સવારી વાજતે ગાજતે આવી પહોંચે છે અને વરસાદના આગમન સાથે ચોમેર ખુશીનો માહોલ છવાઈ જાય છે. વરસાદ પડતા જ ખેડૂતોનો હરખ સમાતો નથી અને તેઓ ખેતરમાં વાવણી કરે છે. એવો સંદેશો મળે છે. તેમ જણાવ્યું છે.(૧૩)

## આજે શ્રી કષ્ટભંજદેવ હનુમાનજીને સૂર્યદેવના દિવ્ય વાઘાનો શણગાર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વવિખ્યાત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર-સાળંગપુરધામ ખાતે આજે અષાઢી બીજ નિમિતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી એવં કોઠારીશ્રી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને સૂર્યદેવના દિવ્ય વાઘાનો શણગાર કરી રથયાત્રાના ભવ્ય શણગાર દર્શન તથા દાદાના સિંહાસનને ફૂલો વડે શણગાર કરવામાં આવ્યો હતો. સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામીએ કરી, પ્રસાદ ધરાવવામાં આવ્યો.

, હજારો ભક્તોએ આ અનેરા દર્શનનો Salangpur Hanumanji - Official યુટ્યુબ ચેનલ દ્વારા ઓનલાઈન તથા પ્રત્યક્ષ લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ. તેમ જણાવ્યું છે.(૧૩.૧૧)

### તા.૮ જુલાઇના રોજ 'વર્લ્ડ ઝુનોસીસ ડે' નિમિત્તે

# 'કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ' દ્વારા પશુ-પક્ષીઓ માટે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે



**કેન્દ્રીય પશુપાલન મંત્રી પરસોતમ રૂપાલાની ખાસ ઉપસ્થિતિઃ કેમ્પમાં ૨૦થી વધુ નિષ્ણાંત તબીબો સેવા આપશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

'શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઈન, રાજકોટ' દ્વારા 'વર્લ્ડ ઝુનોસીસ ડે' નિમિતે યોજાનાર અનેક કાર્યક્રમોની શૃંખલામાં સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના પશુ-પક્ષીઓ માટે નિઃશુલ્ક, સર્વરોગ નિદાન, સારવાર કેમ્પ અને શ્વાનોને વિનામૂલ્યે હડકવાનું રસીકરણ તેમજ અન્ય સારવારના કેમ્પનું આયોજન તા.૮ને શુક્રવારના રોજ સવારે ૯થી સાંજના ૭ કલાક સુધી શ્રીમતી શેણી મેમોરીયલ ટ્રસ્ટ, શ્રેયસ સ્કૂલ પાસે, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, નાગેશ્વર તીર્થની સામે, જામનગર રોડ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. એનિમલ હેલ્પલાઇનના ડો. નિકુંજ પીપળીયા, ડો. દીપ સોજીત્રા, ડો. રવી માલવીયા, ડો. અરવિંદ ગડારા, ડો. અરૂણ ઘીયાડ, ડો. હિરેન વિસાણી ડો. વિવેક કલોલા, સૌરાષ્ટ્ર પ્રાણી કલ્યાણ મંડળ ટ્રસ્ટનાં ડો. મણવર, જિલ્લા પંચાયત પશુપાલન શાખાનાં વરિષ્ઠ ડોકટર્સ ડો. ગોહીલ, ડો. ખાનપરા, ડો. જાકાસણીયા, ડો. કુંડારીયા તથા રાજકોટ મહાનગરપાલીકાના ડો. હિરપરા, ડો. ભાવેશ જાકાસણીયા, ડો. ઉપેન્દ્ર પટેલ સહિતના નિષ્ણાંત તબીબો સેવા આપશે. આ કેમ્પમાં પશુ-પક્ષીઓથી મનુષ્યોને તથા મનુષ્યોથી પશુ-પક્ષીઓને ફેલાતા રોગોના નિરાકરણ અંગે જનજાગૃતિ તેમજ મેડીકલ માર્ગદર્શન આપવામાં આવશે. કેન્દ્રીય પશુપાલન મંત્રી જીવદયા પ્રેમી પરસોતમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહેશે.

જીવદયા કેમ્પને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સાંસદો રામભાઈ મોકરીયા, મોહનભાઈ કુંડારીયા, મંત્રી અરવીંદભાઈ રૈયાણી, રાષ્ટ્રીય કામધેનું આયોગનાં પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરીયા, ધારાસભ્યઓ ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયાની પણ શુભેચ્છા મળી રહી છે. આ જીવદયા કેમ્પને શુભેચ્છા પાઠવવા કમલેશભાઈ મીરાણી, મેયર પ્રદીપભાઈ ડવ, ડેપ્યુટી મેયર ડો. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, જૈન શ્રેષ્ઠી ચંદ્રકાંતભાઈ શેઠ, પંચનાથ મંદીર તેમજ હોસ્પિટલના દેવાંગભાઈ માંકડ સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે. કેમ્પને સફળ બનાવવા સમસ્ત મહાજનનાં અને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઇનના મિતલ ખેતાણી સહિતનાની ટીમ જહેમત ઉઠાવી રહી છે. સૌરાષ્ટ્ર-કચ્છના જીવદયા પ્રેમીઓને આ મેગા, નિઃશુલ્ક કેમ્પનો લાભ લેવા અપીલ કરાઇ છે. કેમ્પ અંગેની વિશેષ વિગતો માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩), કુમારપાળ શાહ (મો.૯૪૨૬૨ ૧૦૨૨૬)નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.(૧૩.૧૧)












# જય જગન્નાથના જયઘોષથી ગુંજી ઉઠ્યું રાજકોટ

## શહેરમાં ભગવાન જગન્નાથ નગરચર્યાએ નિકળ્યા, પોલીસ બંદોબસ્ત વચ્ચે ૨૨ કિમી રૂટમાં રથયાત્રા નીકળી

**સાંજે રથયાત્રા નિજ મંદિરે પહોંચશે અને અહીં ભગવાન જગન્નાથની મહાઆરતી ઉતારવામાં આવશે**





**રથયાત્રામાં રાસ-ગરબાની રમઝટઃ ઠેર ઠેર રથયાત્રાનું ભવ્ય સ્વાગત**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

આજે અષાઢી બીજે દરેક શહેરમાં ભગવાન જગન્નાથ નગરચર્યાએ નીકળી ભાવિકોને સામેથી દર્શન આપે છે. ત્યારે રાજકોટમાં નાનામવા ખાતે આવેલા કૈલાશધામ આશ્રમમાં બિરાજતા ભગવાન જગન્નાથ મંદિર ખાતેથી આજે સવારે જગન્નાથજીની રથયાત્રા નીકળી હતી. જેમાં ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામજીને રથમાં બેસાડી શણગારવામાં આવેલા રથોમાં રથયાત્રા નીકળી છે.

રાજકોટ શહેરમાં આજે ૧૫મી ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે. જેમાં નાના-મોટા સૌ કોઈ અનેરી શ્રદ્ધા સાથે આ રથયાત્રામાં જોડાઈ રહ્યા છે. આ વર્ષે પણ ભગવાન જગન્નાથજીની યાત્રામાં સાધુ-સંતોની સાથે શહેરીજનો પણ જોડાયા હતા. રથયાત્રા દરમિયાન સાધુ-સંતોએ ભગવાન જગન્નાથના સાનિધ્યમાં લીન થઇને અવનવા કરતબો રજૂ કર્યા હતા અને રથયાત્રાનું ઠેર-ઠેર અદભૂત રીતે સ્વાગત કરવામાં આવી રહ્યું છે. રાજકોટ શહેરમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ૨૨ કિલોમીટરની આ રથયાત્રા શહેરના રાજમાર્ગો પર ફરી રહી છે અને સાંજે આ રથયાત્રા નિજ મંદિરે પહોંચશે અને અહીં ભગવાન જગન્નાથની મહાઆરતી ઉતારવામાં આવશે.

રથાયત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા છે અને ઠેર-ઠેર રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે. રાજકીય નેતાઓ અને વિવિધ સામાજીક સંસ્થાઓ દ્વારા સ્વાગત કરવામાં આવી રહ્યું છે ત્યારે રથયાત્રામાં કોમી એકતાના દર્શન પણ જોવા મળ્યા હતા.

રાજકોટ શહેર પોલીસ એલર્ટ બની બંદોબસ્તમાં તૈનાત જોવા મળી રહી છે. રથયાત્રામાં ૧૪૦૦ પોલીસ જવાનો ખડેપગે છે તો ૬૦ બોડી વોર્ન કેમેરા અને ડ્રોન કેમેરાનો ઉપયોગ કરવાં આવી રહ્યો છે. રથયાત્રામાં ADDG કક્ષાના ૨ અધિકારી, DCP કક્ષાના ૩ અધિકારી, ACP કક્ષાના ૫ અધિકારી, પીઆઇ કક્ષાના ૧૬ અધિકારી, પીએસઆઇ કક્ષાના ૫૧ અધિકારી, મહિલા પીએસઆઇ કક્ષાના ૧૦ અધિકારી, SRPના ૪૦ જવાનો, એએસઆઇ, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ, હોમગાર્ડ, ટ્રાફિક બ્રિગેડ સહિતના કુલ ૧૪૦૦ જેટલા પોલીસ કર્મીઓ તેમજ જવાનો જોડાયા છે.



(તસવીરઃ દિલીપ ગોહેલ)

# કાગદડી મહંત આપઘાત કેસમાં આરોપીની જામીન અરજી ફગાવતી કોર્ટ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

ગત તા.૧/૬/૨૧ નાં રોજ મોરબી રોડ પર આવેલ કાગદડીનાં ખોડીયાર આશ્રમનાં મહંતે આપઘાત કર્યાનો ગુન્હો તા.૮/૬/૨૧ નાં રોજ કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ. તે ગુન્હામાં આરોપી વિક્રમ દેવજીભાઈ સોહલાની પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કરેલ. જેલમાંથી આરોપીએ ચાર્જશીટ થયા પછી જામીન ઉપર છૂટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપીઓએ આપઘાતનાં બનાવને કુદરતી મૃત્યુમાં ખપાવાનો ગુન્હો કરેલ છે. તેમજ આરોપી વિક્રમ સોહલાએ સુપ્રીમ કોર્ટ સુધી આગોતરા જામીન અરજી કરેલ છે. તેમ છતાં કોઈ રાહત મળેલ નથી. આવા આરોપીને જામીન આપવા જોઈએ નહીં. તેવી રજૂઆતો કરેલ તે રજૂઆતને ધ્યાને લઇ સેશન્સ કોર્ટે જામીન અરજી રદ કરેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)

વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com

એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# અષાઢી બીજના શુકન સાચવતા મેઘરાજા

## બપોરથી રાજકોટના અનેક વિસ્તારમાં ભારે વરસાદઃ બફારામાંથી લોકોને મળી રાહત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

રાજકોટમાં અને સૌરાષ્ટ્રમાં દરવર્ષની જેમ આ વર્ષે પણ મેઘરાજા પવિત્ર અષાઢી બીજનાં શુકન સાચવતા લોકોમાં આનંદની હેલી જાગી ઉઠી છે. . આજે સવારથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં સામાન્યથી ભારે વરસાદ વરસ્યો હતો. મેઘરાજા મન મુકીને વરસી પડ્યા હતા.

સામાન્ય રીતે અષાઢી બીજ પર એકવાર જોરદાર વરસાદ આવી જાય છે એટલે ખેડૂતો વાવણી શરૂ કરી દેતા હોય છે. અષાઢ મહિનાના પ્રારંભે જ મેઘરાજા મહેર કરવા લાગ્યા હોય તેમ રાજ્યમાં વરસાદનો વ્યાપ વધ્યો હતો અને છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૮ તાલુકામાં ઝાપટાથી માંડીને ભારે વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે એવો નિર્દેશ આપ્યો છે કે ચોમાસુ સિસ્ટમ સક્રિય થઇ છે અને આવતા પાંચ દિવસમાં રાજ્યમાં વ્યાપક વરસાદ થવાની શક્યતા છે. ગુજરાતમાં ઝોનવાઇઝ વરસાદ પર નજર કરવામાં આવે તો દક્ષિણ ઝોનમાં અત્યાર સુધીમાં ૧૧.૭૩ ટકા પાણી વરસી ગયું છે જયારે સૌરાષ્ટ્રમાં ૧૦.૪૬ ટકા, મધ્ય ગુજરાતમાં ૮.૫૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૪.૨૦ ટકા તથા કચ્છમાં ૪.૦૩ ટકા વરસાદ નોંધાયો છે. સિઝનનો સરેરાશ ૯.૪૧ ટકા વરસાદ થયો હોવા છતાં હજુ સાર્વત્રિક મહેર થઇ ન હોવાના કારણે સૌરાષ્ટ્ર સહિતના અનેક ભાગોમાં વાવેતર થયું નથી અને ખેડૂતો સાર્વત્રિક વરસાદની ચાતક નજરે રાહ જોઇ રહ્યા છે.



# રાજકોટ ડીસ્ટ્રીકટ બેંકના કેશિયરની રૂ.૭૧.૪૩ લાખની ઉચાપતઃ તપાસનો ધમધમાટ

## અમુક ખાતાધારકોની ખોટી સહીઓ કરી નાણાં ઉપાડી લીધા, ખાતાધારકો પૈસા જમા કરાવવા આવે તે નાણાં અંગત ઉપયોગ માટે લઈ અને કેશિયર બેન્કમાંથી એન્ટ્રી ડીલીટ કરી દેતો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૧

રાજકોટ ડીસ્ટ્રીકટ બેન્કની પાટણવાવ પાસેની વડોદર બ્રાન્ચમાં બેન્ક કેશિયરે રૂ.૭૧.૪૩ લાખની છેતરપીંડી કરી હોવાનું માલુમ પડતા જ પાટણવાવ પોલીસ મથકમાં છેતરપીંડી અંગેની ફરિયાદ નોંધાવી છે.બેન્ક કેશિયર દ્વારા ખાતાધારકો એકાઉન્ટમાં જમા કરાવવા આવતા પૈસા બેન્કમાં જમા કરાવવાને બદલે અંગત ઉપયોગ માટે લઈ તે પૈસાની એન્ટ્રી ડીલીટ કરી ગ્રાહકો સાથે છેતરપીંડી કરી હોવાનું પાટણવાવ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. બનાવની વિગતો મુજબ, જેતપુર રહેતા અને ધોરાજીની રાજકોટ ડિસ્ટ્રીકટ બેન્કમાં નોકરી કરતા ગોપાલભાઈ ભીખાભાઈ રાદડીયા(પટેલ)(ઉ.વ.૫૬)એ ફરિયાદમાં ધોરાજીના મોટી પાનેલીમાં રહેતા બેન્ક કેશિયર તરીકે નોકરી કરતા વિકાસ રતીલાલ લાખાણીનું નામ આપતા તેની સાથે કાર્યવાહી કરી હતી.

ગોપાલભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું મારા પરીવાર સાથે રહું છું અને રાજકોટ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેન્ક ધોરાજી મેઈન શાખામાં ડેપ્યુટી મેનેજર (ઝોનલ) ધોરાજી જોન તરીકે ફરજ બજાવું છું અને ધોરાજી તથા ઉપલેટા તાલુકામાં આવેલ રાજકોટ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેન્કની શાખાઓની કામગીરીનું સુપર વિઝન કરવાનું મારૂ કામ છે અને ધોરાજી તાલુકાના વાડોદર ગામે રાજકોટ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેન્કની શાખા મારા કાર્યક્ષેત્ર નીચે આવે છે.

મારા કાર્યક્ષેત્રમાં આવતી બેંકોનુ

### પાટણવાવ પોલીસ મથકમાં ડેપ્યુટી મેનેજર ગોપાલભાઈ રાદડિયાએ બેન્ક કેશિયર વિકાસ લાખાણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

આંતરીક ઓડીટ દર ત્રણ મહીને કરવાનું હોય છે અને છેલ્લે માર્ચ ૨૦૨૨ સુધીનું કરેલ છે અને આ વાડોદર ગામે રાજકોટ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેન્ક બેન્ક મેનેજર તરીકે તા.૦૧/૧૧/૨૦૨૧ થી રાજુભાઈ રાવલ ફરજ બજાવતા હતા અને હાલ તેઓ સસ્પેન્ડ છે અને તેની બદલી પડધરી તાલુકાના મોટા ખીજડીયા ગામે કરવામાં આવેલ છે અને કેશિયર તરીકે તા.૨૯/૦૬ /૨૦૧૯ થી વિકાસભાઈ રતીલાલ લાખાણી ફરજ બજાવતા હતા. હાલ તેઓ સસ્પેન્ડ છે અને મોરબી જીલ્લાના વાઘપર ખાતે તેઓની બદલી કરવામા આવેલ છે. જેઓને હું સારી રીતે ઓળખુ છું. ગઈ તા.૦૩/૦૬/ ૨૦૨૨ ના રોજ હું સમઢીયાળા ગામ મારા કાર્યક્ષેત્રમાં આવતું હોય જેથી આંતરિક ઓડીટ માટે ગયેલ હતો.ત્યારે મારા મોબાઈલ ફોન પર વાડોદર ગામેથી રાજકોટ ડીસ્ટ્રીકટ કો.ઓ. બેન્કની શાખાના બેન્ક મેનેજર રાજુભાઈ રાવલનો ફોન આવેલ અને તેઓએ મને કહેલ કે વિજયભાઈ બાબુભાઈ સાવલીયા રજૂઆત કરેલ કે મારા બેન્કના ખાતામાંથી મે ત્રણ લાખ રૂપિયા ઉપાડેલ નથી છતાં ખાતામાંથી ત્રણ લાખ રૂપિયા ઉપાડેલ જણાય છે.જેથી ઓછા બતાવે છે.

જેથી હું સમઢીયાળાથી વાડોદર અમારી શાખા ખાતે ગયેલ અને તપાસ કરતા વાડોદર શાખાના કેશિયર તરીકે વિકાસભાઈ રતીલાલ લાખાણી ઉપર શંકા જતા અમોએ તથા બેંકના વિઝીલન્સ મેનેજર મગનભાઈ.ડી.કાછડીયા કે.બી.રામોલીયા તથા એમ.એલ.નરોડીયા તથા એ.જે.વઘાસીયાનાઓ દ્વારા તપાસ કરી હતી. જેમાં વાડોદર શાખાના કેશિયર વિકાસભાઈ લાખાણીએ વાડોદર શાખાના ખાતા ધારક ખીમાભાઈ ગગાભાઈ દાસાણીના ખાતા સી.આઈ.એફ. (કસ્ટમર ઈંફોર્મેશન ફાઈલ) માંથી મોબાઈલ નંબર કાઢી તેઓએ ચેક નંબરનો દુર ઉપયોગ કરી પોતે જ પોતાના અક્ષરમા ચેક લખી અંગુઠાનું નિશાન કરી પોતાના સ્વહસ્તાક્ષરથી અન્યની સહી કરી અંગુઠો ઓળખાવી રૂ.૫,૦૦૦,૨૦ ની રકમના ચેક સામે રૂ.૫૦૦૦૦૦/- આર.ટી.જી.એસ.ની સ્લીપ પોતે જ ભરી કેતનકુમાર એ.જાગાણી મોરબી ઇન્ડુસ બેંકના ખાતામાં તેમજ કમિશનની રકમ રૂ.૨૦ મળી કુલ રૂ. ૫૦૦૦૨૦ની સ્લિપ ભરી ગ્રાહકની સહીમાં પોતાની સહી કરી ચેક પાસ કરેલ આર.ટી.જી.એસ.થી ટ્રાન્સફર કરી તેમજ અન્ય કુલ ૨૦ જેટલા ખાતા ધારકોના અલગ અલગ રકમ સહિત રૂ.૭૧.૪૩ લાખની ઉચાપત કર્યાની ફરિયાદ કરતા પાટણવાવ પોલીસના પીએસઆઇ ગજેન્દ્રસિંહ ઝાલા અને હેડકોન્સ્ટબલ વિશાલભાઈ હુણ સહિતના સ્ટાફે તપાસ આદરી છે.

**છેતરપીંડીનો ભોગ બનનાર બેન્કના ખાતાધારકો**

૧) ખીમાભાઈ ગગાભાઈ દસાણી, ૨) અશ્વીનભાઈ શાર્દુલભાઈ ડાંગર અને વનિતાબેન અશ્વિનભાઈ ડાંગર, ૩) જીવુબા બળવંતસિંહ વાઘેલા, ૪) પ્રફુલભાઈ રાઘવભાઈ લાખાણી, ૫) પ્રફુલ ટપુભાઈ ડાવરા, ૬) મેરામભાઈ ખોડાભાઈ છૈયા, ૭) પેથલજીભાઈ રાજાભાઈ મિયાત્રા, ૮) ગાંડુભાઈ રણછોડભાઈ લાખાણી, ૯) જયાબેન કાનજીભાઈ રૂડાણી અને કાનજીભાઈ રૈયાભાઈ રૂડાણી, ૧૦) વિજયભાઈ બાબુભાઈ સાવલિયા, ૧૧) વિઠ્ઠલભાઈ આંબાભાઈ લાખાણી અને જયાબેન વિઠ્ઠલભાઈ, ૧૨) મનસુખભાઈ નાજાભાઈ મૈયડ અને શાંતાબેન મનસુખભાઈ મૈયડ, ૧૩) પરસોતમભાઈ ટપુભાઈ રૂડાણી, ૧૪)ભાવેશભાઈ ચુનીભાઈ રાબડીયા, ૧૫) પ્રતાપબા રાયમલજી વાઘેલા અને અશોકસિંહ રાયમલજી વાઘેલા, ૧૬)ભનુભાઈ પદ્માભાઈ દેસાઈ, ૧૭) પરસોતમભાઈ રણછોડભાઈ ટાંક અને મંજુલાબેન પરસોતમભાઈ ટાંક, ૧૮) મગનલાલ ગોપાલભાઈ પાચાણી,૧૯) હમીરભાઈ સર્દુલભાઈ ડાંગર અને શાંતાબેન હમીરભાઈ ડાંગર,૨૦) દિનેશભાઈ અરજનભાઈ વીરડા અને મધુબેન દિનેશભાઈ વીરડા.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.